સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 33

[08/08/21 to 14/08/21]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


આજે જ DOWNLOAD કરો ICE APPLICATION

"ICE CLICKS"

ICE APP
ICE CLICKS
ડાઉનલોડ કરો
Google Play

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી, ફ્રી મટીરિયલ્સ, વીડિયો લેક્ચર તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે અહીં Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**08 SUNDAY**

- દિવસ મહિમા : 08 ઓગસ્ટ, ઓગસ્ટ ક્રાંતિ દિવસ અથવા હિન્દ છોડો આંદોલનની વર્ષ ગાંઠ ..... 02
- જહોન્સન & જહોન્સનની કોરોના રસીને ભારતમાં ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી ..... 03
- 'PM- Daksh' પોર્ટલ અને 'PM- Daksh' મોબાઈલ એપ ..... 05
- QUESTION ANSWERS ..... 06

**09 MONDAY**

- દિવસ મહિમા : 09 ઓગસ્ટ, વિશ્વ આદિવાસી દિવસ (World Tribal Day) ..... 07
- ટોક્યો ઓલિમ્પિક - 2020 ..... 08
- લદ્દાખમાં 'ઈનર લાઈન પરમિટ'ની વ્યવસ્થા ..... 23
- QUESTION ANSWERS ..... 24

**10 TUESDAY**

- દિવસ મહિમા : 10 ઓગસ્ટ, (1) વિશ્વ સિંહ દિવસ (2) વિશ્વ જૈવ-ઇંધણ દિવસ ..... 27
- મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સુશાસનના પાંચ વર્ષ ..... 27
- 'કાંકોરી ટ્રેન કાવતરા'નું નામ બદલીને 'કાંકોરી ટ્રેન કાર્યવાહી' રાખવામાં આવ્યું ..... 30
- QUESTION ANSWERS ..... 32

**11 WEDNESDAY**

- ઉજ્જવલા 2.0 યોજના ..... 33
- ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે 'અલ-મોહદ અલ-હિન્દી 2021' કવાયતનું આયોજન કરવામાં આવ્યું ..... 34
- Global Youth Development Index- 2020 ..... 34
- QUESTION ANSWERS ..... 35

**12 THURSDAY**

- દિવસ મહિમા: 12 ઓગસ્ટ, (1) વિશ્વ હાથિ દિવસ (2) આંતરરાષ્ટ્રીય યુવા દિવસ ..... 36
- કોલકતામાં ડુરંડ કપની 130મી આવૃત્તિનું આયોજન કરવામાં આવશે. ..... 36
- સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) સુધારા બિલ, 2021 ..... 36
- વૃધ્ધો માટે જીવન ગુણવત્તા સૂચકાંક ..... 38
- QUESTION ANSWERS ..... 39

**13 FRIDAY**

- Constitutional (127th) Amendment Bill, 2021 ..... 40
- GSLV-F10 નિષ્ફળતા : ISROનું 'EOS-03'ઉપગ્રહ મિશન ..... 43
- QUESTION ANSWERS ..... 44

**14 SATURDAY**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના પ્લેટફોર્મથી 'નેશનલ વ્હીકલ સ્ક્રેપિંગ પોલિસી' લોન્ચ કરી ..... 45
- ભારતની ચાર નવી રામસર સાઈટ ..... 46
- 69 અધિકારીઓ માટે પ્રધાનમંત્રી શ્રમ પુરસ્કાર એવોર્ડ ..... 47
- QUESTION ANSWERS ..... 48

**ONE LINER** ..... 49

**QUESTION OF THIS WEEK** ..... 53

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 08 ઓગસ્ટ, ઓગસ્ટ ક્રાંતિ દિવસ અથવા હિન્દ છોડો આંદોલનની વર્ષગાંઠ (Quit India Movement)

8 ઓગસ્ટ ભારતમાં દર વર્ષે 'ઓગસ્ટ ક્રાંતિ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસ નિમિત્તે અંગ્રેજોના શાસન સામે આઝાદીની લડતમાં પોતાનું બલિદાન આપનારા ક્રાંતિકારીઓને શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે. તેમજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ આપેલા ઉપદેશોને યાદ કરવામાં આવે છે.

## 8 ઓગસ્ટ જ શા માટે ?

દર વર્ષે 8 ઓગસ્ટને ભારતીય ઈતિહાસમાં આઝાદીના છેલ્લા યુધ્ધની શરૂઆત તરીકે યાદ કરવામાં આવે છે.

- 8 ઓગસ્ટ, 1942ના દિવસે ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ 'હિન્દ છોડો આંદોલન'નો પાયો નાખ્યો હતો.
- આથી, આઝાદી બાદ 8 ઓગસ્ટને 'ઓગસ્ટ ક્રાંતિ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

## હિન્દ છોડો આંદોલન

8 ઓગસ્ટ, 1942ના રોજ મુંબઈના ગ્વાલિયા ટેન્ક મેદાનમાં યોજાયેલ કોંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં મહાત્મા ગાંધીજીએ 'હિન્દ છોડો આદોલન'ની ઘોષણા કરી હતી.

- ગાંધીજીએ ગ્વાલિયા ટેન્કના મેદાનમાં તેમના પ્રવચનમાં 'કરેંગે યા મરેંગે' (Do or Die)નું સુત્ર આપ્યું હતું.
- હિન્દ છોડો આંદોલનની શરૂઆતમાં 9 ઓગસ્ટ, 1942ના રોજ અંગ્રેજોએ મહાત્મા ગાંધીજીની ધરપકડ કરી હતી. તથા સુશ્રી સરોજીની નાયડુ સહિતના લોકોને આગાખાન પેલેસમાં નજરકેદ કરવામાં આવ્યા હતા તેમજ અન્ય નેતાઓની 'ઓપરેશન ઝીરો અવર' અંતર્ગત ધરપકડ કરવામાં આવી હતી.
- આ સમયે શ્રી જયપ્રકાશ નારાયણ છૂપી રીતે આંદોલનનું સંચાલન કરતા હતા તેમણે નેપાળમાં આઝાદ રેડિયોનું ગઠન કર્યુ હતું.
- સમગ્ર ભારતમાંથી લોકનેતાઓની ધરપકડ થતા આ આંદોલન સ્વયંભૂ બન્યું હતું.
- દેશમાં સરઘસો, સભાઓ, હડતાલો વગેરે સામાન્ય બનાવો બન્યા હતા.
- 9 ઓગસ્ટ, 1942ના રોજ ગુજરાત કોલેજના 18 વર્ષીય વિદ્યાર્થી શ્રી વિનોદ કિનારીવાલા કોલેજમાં ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવવા જતાં હિન્દ છોડો આંદોલનના પ્રથમ શહિદ બન્યા હતા. તેમની ગુજરાત કોલેજમાં રહેલી પ્રતિમાંનું અનાવરણ શ્રી જયપ્રકાશ નારાયણે કર્યુ હતું.
- અમદાવાદ, મુંબઈ, જમશેદપુરના મીલમજૂરોએ હડતાલ પાડી હતી. જેમાં અમદાવાદની મિલોમાં 105 દિવસની હડતાલો પડી હતી.
- હિન્દ છોડો આંદોલનમાં સૌપ્રથમ વખત રાષ્ટ્રધ્વજ ફરકાવનાર 'અરૂણા આસફઅલી' હતા.
- હિન્દ છોડો આંદોલને અંગ્રેજ સરકારને પ્રતીત કરાવી દીધું કે ભારતમાં લાંબો સમય શાસન કરી શકાય નહિ.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- નોંધ : (1) વર્ષ 1942 માં કોંગ્રેસની વર્ધા બેઠકમાં હિન્દ છોડો આંદોલનનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.

  (2) સુશ્રી અરૂણા અસફ અલીને 'ગ્રાન્ડ ઓલ્ડ લેડી' તરીકે ઓળખવામાં આવે છે.

  (3) 'હિન્દ છોડો' અથવા 'ભારત છોડો' સૂત્ર શ્રી યુસુફ મહેરલી દ્વારા રચવામાં આવ્યું હતું. તથા 'સાયમન ગો બેક'નું સુત્ર પણ તેમણે જ આપ્યું હતું.

  (4) ગ્વાલિયા ટેન્ક મેદાનને હાલમાં 'ઓગસ્ટ ક્રાંતિ' મેદાન તરીકે પણ ઓળખવામાં આવે છે.

## જહોન્સન & જહોન્સનની કોરોના રસીને ભારતમાં ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી




ભારતના 'સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO)'એ તાજેતરમાં 'જહોન્સન & જહોન્સન'ની સિંગલ ડોઝ Covid-19 રસીની ભારતમાં ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂર કરવામાં આવી છે.

- આ સાથે ભારતમાં ઈમર્જન્સીના ઉપયોગની અધિકૃતા (Emergency Use Authorization) માટેની પાંચ રસીઓ ઉપલબ્ધ છે.

### જહોન્સન & જહોન્સન કોવિડ- 19 રસી

આ રસીને 'જેનસેન કોવિડ– 19 રસી' (Janssen Covid-19 Vaccine) તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ રસી નેધરલેન્ડના લીડેનમાં 'જેન્સન વેક્સિન' દ્વારા વિકસાવવામાં આવી છે.
- તે અમેરિકાની ફાર્માસ્યુટિકલ કંપની 'જહોન્સન & જહોન્સન'ની પેટા કંપની છે.
- આ રસી હ્યુમન એડેનો વાયરસ (Human Adenovirus)ના આધારે વિકસિત વાયરલ વેક્ટર રસી છે.
- આ રસીમાં SARS- CoV-2 વાયરસના સ્પાઈક પ્રોટિન બનાવવા માટે જનીનને સમાવવા માટે સંશોધિત કરવામાં આવી છે.
- શરીરની રોગપ્રતિકારક શક્તિના એન્ટિબોડીઝ ઉત્પન્ન કરવા માટે આ સ્પાઈક પ્રોટિન પર પ્રતિક્રિયા આપે છે.
- આ રસી માટે માત્ર એક જ ડોઝની જરૂર પડે છે.
- આ રસી માટેનું ક્લિનિકલ ટ્રાયલ જૂન 2020માં શરૂ કરવામાં આવ્યું હતું. તેના ત્રીજા તબક્કામાં લગભગ 43,000 લોકો શામેલ થયા હતા.
- ત્યારબાદ જેનસેને જાહેરાત કરી હતી કે રસીકરણના 28 દિવસ બાદ આ સિંગલ–ડોઝ રસી Covid- 19 લક્ષણોના કેસમાં 66% અસરકારક સાબિત થઈ છે, જ્યારે ગંભીર Covid- 19 કેસોને રોકવામાં 85% અસરકારક સાબિત થઈ છે.
- આ રસીએ Covid- 19ના કારણે હોસ્પિટલમાં દાખલ થવા અથવા મૃત્યુ અટકાવવામાં 100% અસરકારતા પૂરી પાડી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારત પાસે ઉપલબ્ધ પાંચ Covid-19 રસી

| ક્રમ | રસી | વિશેષતા |
|---|---|---|
| 1 | કોવિશીલ્ડ | ❖ બ્રિટનની એસ્ટ્રાઝેનેકા કંપની અને ઓક્સફોર્ડ યુનિવર્સિટી દ્વારા નિર્મિત |
| | | ❖ ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા ઉત્પાદન |
| | | ❖ 1 જાન્યુઆરી, 2021ના રોજ ઈમરર્જન્સી ઉપયોગ માટે મંજૂરી |
| | | ❖ રસીના બે ડોઝ લેવા આવશ્યક |
| | | ❖ ડેલ્ટા વેરિઅન્ટ સામે 63 ટકા અસરકારકતા |
| 2 | કોવેક્સિન | ❖ ભારત બાયોટેક અને ICMRની પ્રથમ સ્વદેશી રસી |
| | | ❖ હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક દ્વારા ઉત્પાદન |
| | | ❖ 3 જાન્યુઆરી, 2021ના રોજ ઈમરર્જન્સી ઉપયોગ માટે મંજૂરી |
| | | ❖ રસીના બે ડોઝ લેવા આવશ્યક |
| | | ❖ ડેલ્ટા વેરિઅન્ટ સામે 65.2 ટકા અસરકારકતા |
| 3 | સ્પુતનિક– 5 | ❖ રશિયાના ગામલેયા ઈન્સ્ટિટ્યૂટ દ્વારા નિર્મિત |
| | | ❖ ભારતમાં ડો. રેડ્ડીઝ લેબોરેટરી દ્વારા ઉત્પાદન |
| | | ❖ 12 એપ્રિલ, 2021ના રોજ ઈમરર્જન્સી ઉપયોગ માટે મંજૂરી |
| | | ❖ રસીના બે ડોઝ લેવા આવશ્યક |
| | | ❖ ડેલ્ટા વેરિઅન્ટ સામે 90 ટકા અસરકારકતા |
| 4 | મોડેર્ના | ❖ અમેરિકાની મોડેર્ના ફાર્માસ્યૂટિકલ્સ દ્વારા નિર્મિત |
| | | ❖ ભારતમાં સિપ્લા ફાર્માસ્યૂટિકલ્સ દ્વારા માર્કેટિંગ કરાશે. |
| | | ❖ 29 જૂન, 2021ના રોજ ઈમરર્જન્સી ઉપયોગ માટે મંજૂરી |
| | | ❖ રસીના બે ડોઝ લેવા આવશ્યક |
| | | ❖ ડેલ્ટા વેરિઅન્ટ સામે 94 થી 95 ટકા અસરકારકતા |
| 5 | જ્હોન્સન & જ્હોન્સન | ❖ અમેરિકાની જ્હોન્સન & જ્હોન્સનની જાનસેન પેટા કંપની દ્વારા નિર્મિત |
| | | ❖ ભારતમાં હૈદરાબાદની બાયોલોજિકલ ઈ કંપની ઉત્પાદન કરશે. |
| | | ❖ 7 ઓગસ્ટ, 2021ના રોજ ઈમરર્જન્સી ઉપયોગ માટે મંજૂરી |
| | | ❖ રસીનો ફક્ત એક ડોઝ આવશ્યક |
| | | ❖ ડેલ્ટા વેરિઅન્ટ સામે 71 ટકા અસરકારકતા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'PM- Daksh' પોર્ટલ અને 'PM- Daksh' મોબાઈલ એપ




કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિક્તા મંત્રી શ્રી ડો વિરેન્દ્ર કુમાર ખટીકે 7 ઓગસ્ટ 2021ના રોજ ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે 'PM-Daksh' પોર્ટલ અને 'PM- Daksh' મોબાઈલ એપ લોન્ચ કરી હતી.

- PM- Daksh પોર્ટલ અને મોબાઈલ એપ નેશનલ ઈ–ગવર્નન્સ વિભાગ (NeGD)ના સહયોગથી સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા વિકસાવવામાં આવી છે.
- આ પોર્ટલ અને એપ પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને સફાઈ કામદારોના લક્ષિત જૂથો માટે કુશળતા વિકાસ યોજનાઓને સુલભ બનાવવા માટે વિકસાવવામાં આવી છે.

### PM- Daksh યોજના

PM- Daksh યોજનાનું પૂરું નામ 'Pradhan Mantri Dakshta aur Kushalta Sampann Hitgrahi Yojana' (પ્રધાનમંત્રી દક્ષ અને કુશળતા સંપન્ન હિતગાહી યોજના) છે.

- આ યોજના વર્ષ 2020-21 થી સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા લાગુ કરવામાં આવી રહી છે.
- આ યોજના હેઠળ પાત્ર લક્ષ્ય જૂથને નીચેના કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ હેઠળ તાલીમ આપવામાં આવશે :

(A) અપ–સ્કિલિંગ અથવા રિ–સ્કિલિંગ કાર્યક્રમ
(B) ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમ
(C) લાંબા ગાળાના તાલીમ કાર્યક્રમ
(D) ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### યોજનાનું મહત્વ

લક્ષિત જૂથના મોટાભાગના વ્યક્તિઓ પાસે ન્યૂનતમ આર્થિક સંપત્તિ છે. તેથી આ હાંસિયામાં સ્થિત લક્ષ્યો જૂથોના આર્થિક સશક્તિકરણ અથવા ઉત્થાન માટે તાલીમની જોગવાઈ કરવી અને તેમની ક્ષમતા વધારવી જરૂરી છે.

- લક્ષ્ય જૂથોમાંથી ઘણી વ્યક્તિઓ ગ્રામીણ કારીગરોની શ્રેણીમાં છે જે બજારમાં સારી તકનીકોની રજૂઆતને કારણે હાંસિયામાં ધકેલાઈ ગયા છે.
- મહિલાઓ તેમની એકંદર ઘરેલુ મજબુરીઓને કારણે વેતન રોજગારમાં સામેલ થઈ શકતા નથી. જેમાં સામાન્ય રીતે લાંબા કામના કલાકો અને ક્યારેક અન્ય શહેરોમાં સ્થળાંતરનો સમાવેશ થાય છે. આથી, આ લક્ષ્યો જૂથો વચ્ચે મહિલાઓને સશક્ત બનાવવાની જરૂર છે.
- નોંધ : નેશનલ ઈ–ગવર્નન્સ વિભાગ (NeGD)ની રચના વર્ષ 2009માં ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.

1. કયા દિવસે 'ઓગસ્ટ ક્રાંતિ દિવસ' અથવા 'હિન્દ છોડો આંદોલન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 5 ઓગસ્ટ (B) 6 ઓગસ્ટ (C) 7 ઓગસ્ટ (D) 8 ઓગસ્ટ **(D)**

2. કયા દિવસે હિન્દ છોડો આંદોલનની શરૂઆત થઈ હતી ?

(A) 1 ઓગસ્ટ, 1941 (B) 8 ઓગસ્ટ, 1942 (C) 7 ઓગસ્ટ, 1943 (D) 8 ઓગસ્ટ, 1943 **(B)**

3. કયા આંદોલન દરમિયાન ગાંધીજીને 'કરેંગે યા મરેંગે' (Do or Die)નું સુત્ર આપ્યું હતું ?

(A) અસહકાર આંદોલન (B) હિન્દ છોડો આંદોલન

(C) ચંપારણ સત્યાગ્રહ (D) દાંડિકૂચ દરમિયાન **(B)**

4. તાજેતરમાં ભારતમાં 'જ્હોન્સન & જ્હોન્સન' કોરોના રસીને ભારતમાં ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી છે. આ રસીના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રસી અમેરિકાની 'જ્હોન્સન & જ્હોન્સન' કંપનીની પેટા કંપની જેન્સન દ્વારા વિકસાવવામાં આવી છે.

2. આ રસીને 'જેન્સન કોવિડ– 19 રસી' (Janssen Covid- 19 Vaccine) તરીકે પણ ઓળખવામાં આવે છે.

3. આ રસી હ્યુમન એડેનો વાયરસના આધારે વિકસિત વાયરલ વેક્ટર રસી છે.

4. આ રસી માત્ર એક જ ડોઝમાં આપવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) ફક્ત 1 અને 4 **(A)**

5. 'સ્પુતનિક– 5' કયા દેશ દ્વારા નિર્મિત Covid-19 રસી છે ?

(A) અમેરિકા (B) રશિયા (C) જાપાન (D) જર્મની **(B)**

6. કયા મંત્રલય દ્વારા 'PM- DAKSH' પોર્ટલ અને મોબાઈલ એપ વિકસાવવામાં આવી છે ?

(A) સામાજિક અને ન્યાય અધિકારીક્તા મંત્રાલય (B) મહિલા અને બાળ વિકાસ મંત્રલાય

(C) કાપડ મંત્રલય (D) શહેરિ વિકાસ મંત્રાલય **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 09 ઓગસ્ટ, વિશ્વ આદિવાસી દિવસ (World Tribal Day)

આદિવાસી લોકોના હકોના સંરક્ષણ અને તેને વાચા આપવા માટે સમગ્ર વિશ્વમાં 9 ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- 'વિશ્વ આદિવાસી દિવસ'ને 'વિશ્વના સ્વદેશી લોકોના આંતરરાષ્ટ્રીય દિવસ' (International Day of The World's Indigenous Peoples) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- 23 ડિસેમ્બર, 1994ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીમાં 9 ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિન' તરીકે ઉજવવાનું નક્કી થયું હતું.
- આ અગાઉ 1990માં યુનાઈટેડ નેશન્સની મહાસભા દ્વારા 1993ના વર્ષને 'આંતરરાષ્ટ્રીય આદિવાસી વર્ષ' જાહેર કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા (1) વર્ષ 1995 થી 2004 અને (2) વર્ષ 2005 થી 2014 દરમિયાન આદિવાસી લોકો માટેના બે દશકાઓ જાહેર કરવામાં આવ્યા હતા.

### વિશ્વ આદિવાસી દિવસ 2021ની થીમ

- યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી 2021 ની વિશ્વ આદિવાસી થીમ "Leaving no on behind: Indigenous Peoples and the call for a new Social Contract" છે.



# ટોક્યો ઓલિમ્પિક - 2020


23 જુલાઈ, 2021થી 8 ઓગસ્ટ, 2021 દરમિયાન જાપાનના ટોક્યો ખાતે 32મી ઓલિમ્પિકનું આયોજન થયું હતું.

- ટોક્યો ઓલિમ્પિક 2020માં 33 વિવિધ રમતોમાં 339 ઈવેન્ટ માટે લગભગ 11,656 ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- નોંધનીય છે કે ટોક્યો ઓલિમ્પિક વર્ષ 2020માં જુલાઈથી ઓગસ્ટ દરમિયાન યોજાવાનો હતો. પરંતુ કોરોના મહામારીના કારણે 1 વર્ષ મોકૂફ રાખવામાં આવ્યો હતો.
- આ ઓલિમ્પિક વર્ષ 2021માં યોજાયો હોવા છતા પણ માર્કેટિંગ અને બ્રાન્ડિંગના કારણોસર આ ઓલિમ્પિકનું નામ 'ટોક્યો ઓલિમ્પિક 2020' જ રાખવામાં આવ્યું હતું.
- આ ઓલિમ્પિકમાં લગભગ 12.6 અબજ ડોલરનો ખર્ચ થયો હતો.

## ઉદ્‌ઘાટન સમારોહ

ઉદ્‌ઘાટન સમારોહ 23 જુલાઈ, 2021ના રોજ ટોક્યોના ઓલિમ્પિક સ્ટેડિયમમાં યોજાયો હતો. જાપાનના સમ્રાટ શ્રી નારૂહિતો દ્વારા ટોક્યો ઓલિમ્પિક 2020 ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ટોક્યો ઓલિમ્પિક 2020માં ભાગ લેનાર 205 દેશોની ટીમો ઓલિમ્પિકના ઉદ્‌ઘાટન સમારંભમાં પરેડ કરતા સ્ટેડિયમમાં પ્રવેશી હતી. જેમાં ભારતે 21માં ક્રમે સ્ટેડિયમમાં એન્ટ્રિ લીધી હતી.

- યજમાન દેશની ભાષાના મૂળાક્ષરો પ્રમાણે ટીમોને ઓલિમ્પિક પરેડ માટે ગોઠવવામાં આવે છે. ગ્રીસ એ ઓલિમ્પિકની જન્મભૂમિ છે, જેના કારણે ઓલિમ્પિકમાં તેને સૌપ્રથમ પ્રવેશ આપવામાં આવે છે. જ્યારે યજમાન ટીમ હંમેશા છેલ્લે રહે છે.









## ટોક્યો ઓલિમ્પિકમાં ભારતના ધ્વજવાહક

ટોક્યો ઓલિમ્પિક 2020ના ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતના પ્રસિધ્ધ મહિલા બોકસર સુશ્રી એમ.સી.મેરી કોમ (M.C.Marry Kom) અને હોકી ટીમના કેપ્ટન શ્રી મનપ્રીત સિંઘે ભારતનો રાષ્ટ્રધ્વજ લઈને ભારતીય ટીમનું નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

નોંધ : વર્ષ 2016ના રિયો ડી જાનેરોમાં ભારતના ધ્વજવાહક શ્રી અભિનવ બિન્દ્રા હતા.

## ઓલિમ્પિક મશાલ

ઓલિમ્પિક પરેડ પુરી થયા બાદ જાપાનના ફલેગની સાથે ઓલિમ્પિકનો ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો.


- ત્યારબાદ ઓલિમ્પિક ટોર્ચ રિલેના અંતિમ ટોર્ચ બેરર તરીકે જાપાનની આંતરરાષ્ટ્રીય ટેનિસ સ્ટાર સુશ્રી નાઓમી ઓસાકાને પંસદ કરવામાં આવી હતી.
- ઓલિમ્પિક સ્ટેડિયમમાં આવી પહોંચેલી મશાલ સુશ્રી નાઓમી ઓસાકાને સોંપવામાં આવી હતી.
- તેમણે જ ઓલિમ્પિક મશાલથી ઓલિમ્પિક કોલ્ડ્રોનને પ્રજ્વલ્લિત કર્યુ હતું. જે ઓલિમ્પિક મહોત્સવ પૂરો થયો ત્યાં સુધી પ્રજ્વલ્લિત રહ્યું હતું.

## ટોક્યો ઓલિમ્પિક 2020નું સુત્ર (Motto)

ટોક્યો ઓલિમ્પિક 2020નું સુત્ર (Motto) "Faster, Higher, Stronger- Together" (ઝડપી, ઉચ્ચ, મજબૂત– એકસાથે) હતું.

- ટોક્યો ઓલિમ્પિક 2020નું સુત્ર (Motto) "Faster, Higher, Stronger" કોવિડ– 19 સમયે સમગ્ર વિશ્વમાં એકતા દર્શાવવા માટે "Faster, Higher, Stronger- Together" સાથે અપડેટ કરવામાં આવ્યું હતું.

## ટોક્યો ઓલિમ્પિક 2020નું Mascot



ટોક્યો ઓલિમ્પિક 2020નું સત્તાવાર માસ્કોટ અથવા શુભંકર 'મિરાઈતોવા' (Miraitova) હતું.

- આ ડિઝાઈન જાપાનીઝ કલાકાર શ્રી યોં તાનિગુચિ દ્વારા બનાવવામાં આવી હતી.

## ટોક્યો ઓલિમ્પિક 2020 નો લોગો

- ટોક્યો ઓલિમ્પિક 2020નો લોગો જાપાની આર્ટિસ્ટ શ્રી અસાઓ ટોકોરો દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો હતો અને તે Diversity, Quality અને Excitementને પ્રસ્તુત કરે છે.

## ટોક્યો ઓલિમ્પિક 2020માં નવી ઉમેરાયેલી રમતો

- ટોક્યો ઓલિમ્પિક 2020મા પાંચ નવી રમતો ઉમેરવામાં આવી હતી. જે નીચે મુજબ છે :
  (1) સર્ફિંગ (2) સ્કેટબોર્ડિંગ (3) સ્પોર્ટસ કલાઈમ્બિંગ
  (4) કરાટા (5) બેઝબોલ/ સોફ્ટબોલ

## ટોક્યો ઓલિમ્પિક 2020 મેડલ ટેબલ

- ટોક્યો ઓલિમ્પિક 2020માં 39 ગોલ્ડ, 41 સિલ્વર અને 33 બ્રોન્ઝ મેડલ મળીને કુલ 113 મેડલ જીતીને અમેરિકા પ્રથમ ક્રમાંકે રહ્યું છે.
- ત્યારબાદ ચીન બીજા ક્રમે અને જાપાન ત્રીજા ક્રમે રહ્યું છે.
- જ્યારે ભારત આ મેડલ ટેબલમાં 48માં સ્થાને રહ્યું છે.

## ટોક્યો ઓલિમ્પિક 2020 મેડલ ટેબલ

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્જ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | અમેરિકા | 39 | 41 | 33 | 113 |
| 2 | ચીન | 38 | 32 | 18 | 88 |
| 3 | જાપાન | 27 | 14 | 17 | 58 |
| 4 | ગ્રેટ બ્રિટન | 22 | 21 | 22 | 65 |
| 5 | ROC | 20 | 28 | 23 | 71 |
| 48 | ભારત | 1 | 2 | 4 | 7 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારત

- ટોક્યો ઓલિમ્પિક 2020માં 1 ગોલ્ડ, 2 સિલ્વર અને 4 બ્રોન્ઝ મેડલ મળીને કુલ 7 મેડલ જીતીને ભારત 48માં ક્રમે રહ્યું છે.

| ક્રમ | નામ | રમત | મેડલ |
|---|---|---|---|
| 1 | શ્રી નીરજ ચોપરા | જેવેલિન થ્રો (ભાલા ફેંક) | ગોલ્ડ |
| 2 | સુશ્રી મીરાબાઈ ચાનુ | વેઈટલિફિટંગ | સિલ્વર |
| 3 | શ્રી રવિ દહિયા | રેસલિંગ (કુસ્તી) | સિલ્વર |
| 4 | સુશ્રી પી.વી. સિંધુ | બેડમિન્ટન | બ્રોન્ઝ |
| 5 | સુશ્રી લવલીના બોરેગોહેન | બોક્સિંગ | બ્રોન્ઝ |
| 6 | મેન્સ હોકી ટીમ | હોકી | બ્રોન્ઝ |
| 7 | શ્રી બજરંગ પૂનિયા | રેસલિંગ (કુસ્તી) | બ્રોન્ઝ |

# ટોક્યો ઓલિમ્પિક 2020 માં મેડલ વિજેતા ભારતીય ખેલાડીઓ

## સુશ્રી મીરાબાઈ ચાનુ

સુશ્રી મીરાબાઈ ચાનુ (Mirabai Chanu) ભારતના વેઈટ લિફ્ટર ખેલાડી છે.



- તેમણે ટોક્યો ઓલિમ્પિક 2020માં વેઈટ લિફિટંગમાં ભારતનો પ્રથમ સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.
- સુશ્રી મીરાબાઈ ચાનુએ વેઈટલિફિટંગમાં 49 કિગ્રા વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો છે.
- તેમણે ક્લીન એન્ડ જર્કમાં 115 કિલો અને સ્નેચમાં 87 કિલોથી કુલ 202 કિલો વજન ઉઠાવીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યુ હતું.
- આ સિલ્વર મેડલ સાથે તેમણે ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતના મેડલનું ખાતું પણ ખોલ્યું હતું.
- સુશ્રી મીરાબાઈ ચાનુનો જન્મ 8 ઓગસ્ટ, 1994ના રોજ મણિપુરના ઈમ્ફાલ ખાતે થયો હતો.
- તેમણે વર્ષ 2014માં કોમન વેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ ઉપરાંત વર્ષ 2018માં કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ અને વર્ષ 2017માં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- સુશ્રી મીરાબાઈ ચાનુને ભારત સરકાર દ્વારા મેજર ધ્યાનચંદ ખેલ રત્ન અને પદ્મશ્રી પુરસ્કાર થી પણ સન્માનિનત કરવામાં આવ્યા છે.

## સુશ્રી પી.વી.સિંધુ



ભારતના પ્રસિધ્ધ બેડમિન્ટન ખેલાડી સુશ્રી પી.વી.સિંધુએ ટોક્યો ઓલિમ્પિક 2020માં બેડમિન્ટનમાં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.

- આ સાથે સુશ્રી પી.વી.સિંધુ ઓલિમ્પિકમાં બે વ્યક્તિગત મેડલ જીતનાર ભારતીય મહિલા ખેલાડી બન્યા છે.
- આ પહેલા વર્ષ 2016માં રિયો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- આ ઓલિમ્પિકની સેમી ફાઈનલ મેચમાં સુશ્રી પી.વી.સિંધુની ચાઈનીઝ તાઈપાઈની સુશ્રી તાઈ ત્ઝુ યિંગ સામે પરાજય થયો હતો. ત્યારબાદ બ્રોન્ઝ મેડલ મેચમાં તેમણે ચીનની ખેલાડી સુશ્રી હે બિંગ જીઓને 21-13, 21-15 થી પરાજય આપીને બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- તેમણે વર્લ્ડ ચેમ્પિયનશિપ અને ઓલિમ્પિકમાં મળીને સૌથી વધુ 7 મેડલ જીતવાના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. ચીનના ઝાંગ નિંગે પણ 7 મેડલ જીત્યા છે.
- ઓલિમ્પિક બેડમિન્ટનમાં ભારતને અત્યાર સુધીમાં ત્રણ મેડલ મળ્યા છે.
- આ અગાઉ વર્ષ 2012માં સુશ્રી સાઈના નહેવાલે લંડન ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ત્યારબાદ સુશ્રી પી.વી.સિંધુએ વર્ષ 2016 અને 2020ના ઓલિમ્પિકમાં અનુક્રમે સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- સુશ્રી પી.વી.સિંધુનું પૂરું નામ સુશ્રી પુસર્લા વેંકટા સિંધુ છે.
- તેમનો જન્મ 5 જુલાઈ, 1995ના રોજ ભારતમાં વર્તમાન તેલંગાણાના હૈદરાબાદ ખાતે થયો હતો.

- ટોક્યો ઓલિમ્પિક, 2020માં તેમના કોચ શ્રી પાર્ક તાઈ સાંગ છે.
- તેમણે માત્ર આઠ વર્ષની ઉંમરે બેડમિન્ટન રમવાનું શરૂ કર્યુ હતું.
- અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમના બેડમિન્ટન કોચ શ્રી પુલેલા ગોપિચંદની ‘ગોપિચંદ બેડમિન્ટન એકેડેમી’માં જોડાયા હતા.
- વર્ષ 2016માં રમાયેલી ઓલિમ્પિક ગેમ્સમાં સુશ્રી પી.વી.સિંધુએ સિલ્વર મેડલ જીત્યો હતો. અને એ સાથે જ સુશ્રી પી.વી.સિંધુ બેડમિન્ટનની રમતમાં ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનારા ભારતના પ્રથમ મહિલા ખેલાડી બની ગયા હતા.
- વર્ષ 2018માં એશિયન ગેમ્સ તથા કોમનવેલ્થ ગેમ્સ એમ બંનેમાં તેમણે ‘વિમેન્સ સિંગલ્સ’ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- તથા વર્ષ 2018ની કોમનવેલ્થ ગેમ્સની ‘મિક્સ ટીમ’ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મળ્યો હતો.
- આ ઉપરાંત ‘વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ’માં વર્ષ 2019માં ‘વિમેન્સ સિંગલ્સ’ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ અને વર્ષ 2017 તથા 2018માં સિલ્વર મેડલ જીત્યો હતો.

## ઓલિમ્પિક ગેમ્સમાં સુશ્રી પી.વી.સિંધુએ જીતેલા મેડલ

| ક્રમ | વર્ષ–સ્થળ | મેડલ | ઈવેન્ટ |
|---|---|---|---|
| 1 | રિયો ઓલિમ્પિક– 2016 | સિલ્વર | વિમેન્સ સિંગલ્સ |
| 2 | ટોક્યો ઓલિમ્પિક– 2020 (2021માં યોજાયો) | બ્રોન્ઝ | વિમેન્સ સિંગલ્સ |

## કોમનવેલ્થ ગેમ્સમાં સુશ્રી પી.વી.સિંધુએ જીતેલા મેડલ

| ક્રમ | વર્ષ–સ્થળ | મેડલ | ઈવેન્ટ |
|---|---|---|---|
| 1 | ગ્લાસગો– 2014 | બ્રોન્ઝ | વિમેન્સ સિંગલ્સ |
| 2 | ગોલ્ડ કોસ્ટ, ઓસ્ટ્રેલિયા– 2018 | ગોલ્ડ | મિક્સડ ડબલ્સ |
| 3 | ગોલ્ડ કોસ્ટ, ઓસ્ટ્રેલિયા– 2018 | સિલ્વર | વિમેન્સ સિંગલ્સ |

## વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં સુશ્રી પી.વી.સિંધુએ જીતેલા મેડલ

| ક્રમ | વર્ષ | મેડલ | ઈવેન્ટ |
|---|---|---|---|
| 1 | 2019 | ગોલ્ડ | વિમેન્સ સિંગલ્સ |
| 2 | 2018 | સિલ્વર | વિમેન્સ સિંગલ્સ |
| 3 | 2017 | સિલ્વર | વિમેન્સ સિંગલ્સ |
| 4 | 2014 | બ્રોન્ઝ | વિમેન્સ સિંગલ્સ |
| 5 | 2013 | બ્રોન્ઝ | વિમેન્સ સિંગલ્સ |

## એવોર્ડ

- સુશ્રી પી.વી.સિંધુને એનાયત થયેલ એવોર્ડમાં નીચેના એવોર્ડનો સમાવેશ થાય છે :
  (1) અર્જુન એવોર્ડ, 2013
  (2) પદ્મ શ્રી એવોર્ડ, 2015
  (3) રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ, 2016
  (4) પદ્મ ભૂષણ, 2020

## સુશ્રી લવલીના બોરગોહેન



ભારતીય મહિલા બોક્સર સુશ્રી લવલીના બોરગોહેને (Lovlina Borgohain)એ ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

- તેમણે 4 ઓગસ્ટ, 2021ના રોજ 69 કિગ્રા વેલ્ટરવેટ સેમિફાઈનલમાં તુર્કીના સુશ્રી બુસેનાઝ સુરમેનેલી સામે 0-5 થી પરાજય થયા બાદ આ મેડલ જીત્યો છે.
- આ સાથે તેઓ સુશ્રી એમ.સી.મેરી કોમ બાદ ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ જીતનાર બીજા ભારતીય મહિલા બોક્સર બની ગયા છે.
- સુશ્રી એમ.સી.મેરી કોમે વર્ષ 2012ના લંડન ઓલિમ્પિકમાં મેડલ જીત્યો હતો.
- સુશ્રી લવલીના બોરગોહેન ઓલિમ્પિક મેડલ જીતનાર આસામના પ્રથમ મહિલા બન્યા છે.
- સુશ્રી લવલીના બોરગોહેનનો જન્મ 2 ઓક્ટોબર, 1997ના રોજ આસામના ગોલાઘાટ જિલ્લામાં થયો હતો.
- તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત કિકબોક્સર તરીકે કરી હતી. અને મેદાનમાંથી તક મળ્યા બાદ બોક્સિંગ તરફ વળ્યા હતા.
- તેમણે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત તેમની હાઈસ્કૂલમાં ટ્રાયલ્સમાં ભાગ લીધો હતો.
- જ્યાં પ્રખ્યાત કોચ શ્રી પદમ બોરોએ તેની પ્રતિભાને ઓળખીને તેની પંસદગી કરી હતી.
- તેમણે વર્ષ 2012માં લવલીનાને તાલીમ આપવાનું શરૂ કર્યુ હતું.
- તેમણે ફેબ્રુઆરી 2018માં આંતરરાષ્ટ્રીય બોઈંગ ચેમ્પિયનશિપમાં વેલ્ટરવેટ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- નવેમ્બર 2017માં એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- જૂન 2017માં અસ્તાનામાં યોજાયેલા પ્રેસિડેન્ટ કપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- સપ્ટેમ્બર 2018માં પોલેન્ડમાં 13મી આંતરરાષ્ટ્રીય સિલેસિયન ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- વર્ષ 2020માં તેમને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી રવિકુમાર દહિયા



ભારતના યુવા કુસ્તીબાજ શ્રી રવિ કુમાર દહિયાએ ટોકયો ઓલિમ્પિક 2020માં કુસ્તીમાં 57 kg વેઈટ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો છે.

- ફાઈનલમાં તેમનો રશિયન કુસ્તીબાજ શ્રી જોર ઉગેવ સામે 7-4થી પરાજય થયો હતો.
- આ પહેલા શ્રી રવિ દહિયાએ સેમિફાઈનલમાં કઝાકિસ્તાનના શ્રી સનાયેવ નૂરિસ્લામને પરાજય આપ્યો હતો.
- તેઓ ઘણા સમયથી રશિયામાં કુસ્તીની ટ્રેનિંગ લઈ રહ્યા હતા.
- તેમનો જન્મ 12 ડિસેમ્બર, 1997ના રોજ હરિયાણાના સોનીપતમાં થયો હતો.
- તેઓ એક ફ્રી સ્ટાઈલ કુસ્તીબાજ છે.
- તેમણે એશિયન ચેમ્પિયનશિપમાં બે ગોલ્ડ મેડલ પણ જીત્યા છે.
- ટોકયો ઓલિમ્પિક 2020માં સિલ્વર મેડલ તથા વર્ષ 2019માં વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં 57 kg કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- આ ઉપરાંત વર્ષ 2019માં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## ભારતીય હોકી ટીમ

ભારતીય પુરુષ હોકી ટીમે ટોક્યો ઓલિમ્પિક 2020માં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.

- નોંધનીય છે કે ભારતીય પુરુષ હોકી ટીમે 41 વર્ષ બાદ ઓલિમ્પિકમાં મેડલ જીત્યો છે.
- આ અગાઉ ભારતીય પુરુષ હોકી ટીમે વર્ષ 1980ના ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- બ્રોન્ઝ મેડલ માટેની મેચ જર્મની સામે યોજાઈ હતી. શરૂઆતમાં ભારત આ મેચમાં 1-3થી પાછળ હતું ત્યારબાદ ભારતે શાનદાર વાપસી કરી હતી. અને 5-4 થી મેચ જીતી લીધી હતી.
- અત્યાર સુધીમાં ભારતીય પુરુષ હોકી ટીમે ઓલિમ્પિકમાં 8 ગોલ્ડ મેડલ, 1 સિલ્વર મેડલ અને 3 બ્રોન્ઝ મેડલ જીત્યા છે.
- ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતીય હોકી ટીમના કેપ્ટન શ્રી મનપ્રીત સિંઘ છે.
- ભારતની આ સફળતા પાછળ ભારતીય હોકી ટીમના ગોલકીપર શ્રી શ્રીજેસ પરાટ્ટુ રવીન્દ્રનનું મહત્વપૂર્ણ યોગદાન રહયું છે.





JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

| ઓલિમ્પિક મેન્સ હોકીમાં ભારતના મેડલ | | | |
|---|---|---|---|
| ક્રમ | ઓલિમ્પિક સ્થળ | વર્ષ | મેડલ |
| 1 | એમ્સ્ટ્રેડેમ | 1928 | ગોલ્ડ |
| 2 | લોસ એન્જલસ | 1932 | ગોલ્ડ |
| 3 | બર્લિન | 1936 | ગોલ્ડ |
| 4 | લંડન | 1948 | ગોલ્ડ |
| 5 | હેલસિંકી | 1952 | ગોલ્ડ |
| 6 | મેલબોર્ન | 1956 | ગોલ્ડ |
| 7 | રોમ | 1960 | સિલ્વર |
| 8 | ટોક્યો | 1964 | ગોલ્ડ |
| 9 | મેક્સિકો | 1968 | બ્રોન્ઝ |
| 10 | મ્યુનિચ | 1972 | બ્રોન્ઝ |
| 11 | મોસ્કો | 1980 | ગોલ્ડ |
| 12 | ટોક્યો | 2020 | બ્રોન્ઝ |

નોંધ : વર્ષ 2008ના ઓલિમ્પિકમાં ભારત ક્વોલિફાય થયું ન હતું.

## શ્રી બજરંગ પુનિયા

ભારતના પ્રસિદ્ધ રેસલર (કુસ્તીબાજ) શ્રી બજરંગ પુનિયાએ ઓલિમ્પિકમાં કુસ્તીમાં ભારતને બ્રોન્ઝ મેડલ અપાવ્યો છે.

- શ્રી બજરંગ પુનિયાએ રેસલિંગ (કુસ્તી)ની 65 કિલોગ્રામ વજન વર્ગની ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.
- આ ઈવેન્ટની બ્રોન્ઝ મેડલ માટેની મેચમાં કઝાકિસ્તાનના ડાઉલેટ નિયાઝમેકોવને 8-0થી પરાજય આપીને આ મેડલ જીત્યો છે.
- શ્રી બજરંગ પુનિયા ભારતના હરિયાણાના રેસલિંગ ખેલાડી છે.
- તેમનો જન્મ 26 ફેબ્રુઆરી, 1994ના રોજ હરિયાણાના ઝજ્જર ખાતે થયો હતો. વર્ષ 2018માં યોજાયેલી એશિયન ગેમ્સમાં શ્રી બજરંગ પુનિયાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો.



- તેમણે આ ગોલ્ડ મેડલ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીને સમર્પિત કર્યો હતો.
- આ ઉપરાંત તેમણે વર્ષ 2017માં યોજાયેલી સિનિયર એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં ભારતને સૌપ્રથમ વખત ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.
- તેઓ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં 3 મેડલ જીતનાર એકમાત્ર ભારતીય ખેલાડી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપરાંત વર્ષ 2014ની કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- શ્રી બજરંગ પુનિયાને મળેલા પુરસ્કારો આ પ્રમાણે છે :

(1) અર્જુન એવોર્ડ, 2015

(2) પદ્મશ્રી એવોર્ડ, 2019

(3) મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ, 2019

(4) ફિક્કી ઈન્ડિયા સ્પોર્ટ્સ એવોર્ડ, 2020

## શ્રી નીરજ ચોપરા

ભારતના યુવા જેવેલિન થ્રોઅર શ્રી નીરજ ચોપરાએ ટોક્યો ઓલિમ્પિક 2020માં જેવેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.

- આ સાથે શ્રી નિરજ ચોપરાએ ઓલિમ્પિકના ઈતિહાસમાં એથ્લેટિકમાં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો. ઓલિમ્પિકમાં આ અગાઉ ભારતે કયારેય 'ટ્રેક એન્ડ ફિલ્ડ' એટલે કે એથ્લેટિકમાં ગોલ્ડ મેડલ જીત્યો ન હતો.
- શ્રી નીરજ ચોપરાએ જેવેલિન થ્રો (ભાલા ફેંક)ની ઈવેન્ટમાં 87.58 મીટર થ્રો ફેંકી આ ગોલ્ડ મેડલ જીત્યો છે.
- હરિયાણાના મુખ્યમંત્રીશ્રીએ શ્રી નીરજ ચોપરાને 6 કરોડ રોકડ રકમ અને કલાસ 1 સરકારી નોકરી આપવાની જાહેરાત કરી છે.
- વર્ષ 2008માં શ્રી અભિનવ બિન્દ્રા એ શુટિંગમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ શ્રી નીરજ ચોપરા વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીતનારા બીજા ભારતીય ખેલાડી બન્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



- શ્રી નિરજ ચોપરાએ પોતાનો ગોલ્ડ મેડલ શ્રી મિલ્ખા સિંઘને સમર્પિત કર્યો હતો. ભારતના દોડવીર શ્રી મિલ્ખા સિંઘનું સપનું હતું કે ભારત ઓલિમ્પિક ગેમ્સમાં એથ્લેટિકમાં ગોલ્ડ મેડલ હાંસલ કરે.
- આ સિદ્ધિ પર રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સહિત તમામ મહાનુભાવોએ અભિનંદન પાઠવ્યા છે.
- શ્રી નીરજ ચોપરાનો જન્મ 24 ડિસેમ્બર, 1997ના રોજ હરિયાણા રાજ્યના પાણીપત્ત શહેરના ખાંદ્રા ગામમાં થયો હતો. ● તેઓ ટ્રેક એન્ડ ફિલ્ડ એથ્લીટમાં જેવેલિન થ્રોઅર (ભાલા ફેંકનાર) ખેલાડી છે.
- શ્રી નીરજ ચોપરા ભારતીય સેનાના નાયબ સુબેદારના પદ પર છે. આથી તેમને સુબેદાર નીરજ ચોપરા તરીકે પણ સંબોધિત કરી શકાય છે.
- તેઓ સેનામાં રાજપૂતાના રાઈફલ સાથે પણ સંકળાયેલા છે.
- ભારતીય સેનામાં પોતાના યોગદાન બદલ વર્ષ 2020માં તેમને 'વિશિષ્ટ સેવા મેડલ' (VSM) એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વર્ષ 2018માં અર્જુન એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતનું શ્રેષ્ઠ પ્રદર્શન

ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતે 1 ગોલ્ડ, 2 સિલ્વર અને 4 બ્રોન્ઝ મેડલ સાથે કુલ 7 મેડલ જીત્યા છે.

- જે ઓલિમ્પિક ગેમ્સમાં આજ સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.
- વર્ષ 2012ના લંડન ઓલિમ્પિકમાં ભારતે કુલ છ મેડલ જીત્યા હતા. જે ટોક્યો ઓલિમ્પિક 2020માં સાત મેડલ જીતીને રેકોર્ડ બનાવ્યો છે.

## ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતના અન્ય ખેલાડીઓનું પ્રદર્શન અને પરીક્ષાલક્ષી કેટલીક માહિતી

- સુશ્રી દીપીકા કુમારીએ તીરંદાજીની વિમેન્સ વ્યક્તિગત રિકર્વ રેન્કિંગમાં નવમું સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત તીરદાજીની મિક્સ ટીમ ઈવેન્ટમાં સુશ્રી દીપીકા– શ્રી પ્રવિણ જાદવની જોડી પણ નિષ્ફળ રહી હતી.
- સુશ્રી અપૂર્વી ચંદેલા શૂટિંગ ઈવેન્ટમાં 16માં ક્રમે રહ્યા હતા.
- શ્રી શરથ કમલ અને સુશ્રી મણિકા બત્રા ટેબલ ટેનિસની મિક્સ ડબલ્સની ઈવેનટમાં અંતિમ–16ના રાઉન્ડમાં પરાજય થયો હતો.
- ટેનિસની વિમેન્સ ડબલ્સ ઈવેન્ટમાં સુશ્રી સાનિયા મિર્ઝા અને સુશ્રી અંકિતા રૈનાનો યુક્રેનની વિમેન્સ જોડી સામે પરાજય થયો હતો.
- ભારતીય યુવા સ્વિમર્સ સુશ્રી માના પટેલ અને શ્રી શ્રીહરી નટરાજન 100 મીટર બેકસ્ટ્રોક સ્પર્ધામાં નિષ્ફળ રહ્યા હતા. જેમાં શ્રી શ્રીહરી નટરાજન 27માં ક્રમે અને સુશ્રી માના પટેલ 39માં ક્રમે રહ્યા હતા.
- ઓલિમ્પિકમાં ભારતની એકમાત્ર જિમ્નાસ્ટિક સુશ્રી પ્રણતી નાયક 'કલાત્મક જિમ્નાસ્ટિક' સ્પર્ધામાં 29માં ક્રમ પર રહ્યા હતા. તેઓ ભારતના પ.બંગાળ રાજ્યના વતની છે.
- ભારતીય ફેન્સર (તલવાર બાજ) સુશ્રી ભવાની દેવીએ ઓલિમ્પિકમા આત્મવિશ્વાસ સાથે પદાર્પણ કર્યુ હતું. તેઓ મેડલ જીતવામાં નિષ્ફળ રહ્યા હોવા છતા પણ દેશવાસીઓના દિલ જીતી લીધા છે અને તેમણે દેશની અનેક યુવતિઓને એક નવી પ્રેરણા આપી છે.

- ઓલિમ્પિકની ફેન્સિંગ (તલવાર બાજી) ઈવેન્ટમાં ભાગ લેનાર સુશ્રી ભવાની દેવી ભારતના પ્રથમ મહિલા ખેલાડી છે.
- શ્રી અંગદ વીરસિંહ બાજવા અને શ્રી મૈરાજ એહમદ ખાન શૂટિંગની રમત સાથે સંકળાયેલ છે.
- શ્રી આશિષ કુમાર બોક્સિંગ ઈવેન્ટની 75 કિગ્રા વેઈટ કેટેગરીમાં ચાઈનીઝ બોકસર એરબિએક ટોહેટો સામે પરાજય થયો હતો.
- શ્રી સુમિત નાગલાનો ટેનિસની મેન્સ સિંગ્લસના બીજા રાઉન્ડમાં પરાજય થયો હતો.
- શ્રી શરથ કમલ ટેબલ ટેનિસની રમત સાથે સંકળાયેલ છે.
- શ્રી સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી અને શ્રી ચિરાગ શેટ્ટી બેડમિન્ટનની રમત સાથે સંકળાયેલ છે.
- શ્રી સાજન પ્રકાશ સ્વિમિંગમાં મેન્સ 100 મીટર બટરફ્લાય ઈવેન્ટમાં નિષ્ફળ રહ્યા હતા.
- વિમેન્સ 100 મીટર તથા 200 મીટર સ્પ્રિન્ટ દોડમાં ભારતીય સ્પ્રિન્ટર સુશ્રી દુતિચંદ સાતમાં ક્રમે રહ્યા હતા.
- સુશ્રી મનુભાકર શૂટિંગની રમત સાથે સંકળાયેલ છે. તેઓએ ટોક્યો ઓલિમ્પિકની 25 મીટર ઈવેન્ટમાં ભાગ લીધો હતો.
- શ્રી ફવાદ મિર્ઝા ઘોડેસવારીમાં 22માં ક્રમે રહ્યા હતા.
- ભારતના સુશ્રી કમલપ્રીત કૌર ડિસ્ક થ્રોની ઈવેન્ટમાં છઠ્ઠા ક્રમે રહ્યા હતા.
- ભારતીય મહિલા હોકી ટીમે સેમિફાઈનલમાં પહોંચી ઈતિહાસ રચ્યો હતો.
- ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લેનાર સુશ્રી અદિતિ અશોક ગોલ્ફ રમત સાથે સંકળાયેલ છે.
- ભારતીય મહિલા હોકી ટીમના કેપ્ટન સુશ્રી રાની રામપાલ છે તથા ગોલકીપર સુશ્રી સવિતા પૂનિયા છે.
- ભારતમાં રહેલા ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર શ્રી બેરી ઓ ફેરેલે ભારતીય મહિલા હોકી ટીમના ગોલકીપર સુશ્રી સવિતા પુનિયાને 'ધ ગ્રેટ વોલ ઓફ ઈન્ડિયા' તરીકે સંબોધ્યા હતા.
- શ્રી અશોક કુમાર કુસ્તી (રેસલિંગ)માં અમ્પાયરીંગ કરનાર એકમાત્ર ભારતીય રેફરી બન્યા છે.

## ટોક્યો ઓલિમ્પિક 2020માં વિશ્વના અન્ય ખેલાડીઓનું પ્રદર્શન અને પરીક્ષાલક્ષી કેટલીક માહિતી

- 13 વર્ષના જાપાનીઝ સ્કેટબોર્ડર સુશ્રી મોમીજી નિશિયાએ ટોક્યો ઓલિમ્પિક 2020માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- કુવૈતના 58 વર્ષીય શ્રી અબ્દુલ્લા અલરશીદીએ ટોક્યો ઓલિમ્પિકની સ્કિટ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- સુશ્રી ફ્લોરા ડુફીએ ટોક્યો ઓલિમ્પિકની વિમેન્સ ટ્રાઈથ્લોન ઈવેન્ટમાં બર્મુડાને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.
- જાપાનના 12 વર્ષીય સુશ્રી કોકોના હીરાકીએ સ્કેટ બોર્ડિંગમાં મહિલાઓની પાર્ક ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ સાથે તેઓ ઓલિમ્પિકમાં મેડલ જીતનારા જાપાનના યંગેસ્ટ પ્લેયર બન્યા છે.
- અમેરિકાના સ્વિમર શ્રી કેલેબ ડ્રેસલે 50 અને 100 મીટર બટર ફલાયમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ સ્વિમર બન્યા છે.
- ઓસ્ટ્રેલિયાના સ્વીમર સુશ્રી એમા મેકિઓને સ્વિમિંગમાં વિમેન્સ 50 અને 100 મીટર ફ્રી સ્ટાઈલ તથા ચાર બાય 100 મીટર મિડલે રિલેના ગોલ્ડ મેડલ જીત્યા હતા. આ ઉપરાંત તેમણે 100 મીટર બટર ફ્લાય, મિક્સ ચાર બાય 100 મીટર મિડલ રિલે તથા વિમેન્સ ચાર બાય 200 મીટર ફ્રી સ્ટાઈલ રિલેમાં બ્રોન્ઝ જીત્યા હતા.
- ઈટાલીના સ્પ્રિન્ટર શ્રી લોમોન્ટ માર્શલ જેકોબ 100 મીટરની ફાઈનલમાં પ્રવેશ કરનાર ઈટાલીના પ્રથમ સ્પ્રિન્ટર બન્યા હતા. તેમણે આ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.

- જમૈકાના સુશ્રી એલિન થોમસન હેરાએ ટોક્યો ઓલિમ્પિક 2020માં 4×100 મીટર રિલે, 100 મીટર અને 200 મીટરની રેસમાં એમ કુલ ત્રણ ગોલ્ડ મેડલ જીત્યા હતા. વર્ષ 1988 થી અત્યાર સુધી કોઈ એક મહિલા એથ્લેટ સિંગલ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યા નહોતા.
- 17 ગોલ્ડ, 7 સિલ્વર અને 22 બ્રોન્ઝ મળીને કુલ 64 મેડલ સાથે ઓસ્ટ્રેલિયા મેડલ ટેબલમાં છઠ્ઠા ક્રમે રહ્યું છે.
- નોર્વેના શ્રી કાર્સ્ટેન વોરહોલ્મે પુરુષોની 400 મીટર હર્ડલ્સ ઈવેન્ટમાં વિશ્વ રેકોર્ડની સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. 25 વર્ષના આ દોડવીરે અમેરિકાના કેવિન યંગનો 46.78 સેકન્ડનો રેકોર્ડ તોડી 46.70 સેકન્ડનો પોતાનો નવો રેકોર્ડ બનાવ્યો છે.

## સમાપન સમારોહ

8 ઓગસ્ટ, 2021ના રોજ 'ટોક્યો ઓલિમ્પિક 2020'નો સમાપન સમારોહ યોજાયો હતો.

- ટોક્યો ઓલિમ્પિક 2020ના સમાપન સમારોહના કાર્યક્રમ બાદ પરંપરા મુજબ ટોક્યોના સ્ટેડિયમમાંથી ઓલિમ્પિક ફ્લેગ ઉતારી લેવામાં આવ્યો હતો.
- આ ફ્લેગ વર્ષ 2024ના ઓલિમ્પિકના યજમાન પેરિસના મેયર શ્રી એન્ના હિડાલ્ગોને સોંપવામાં આવ્યો હતો.
- આ સમય દરમિયના પેરિસના એફિલ ટાવર પર પણ ઓલિમ્પિક ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો.
- ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતના ધ્વજવાહક શ્રી બજરંગ પુનિયા હતા.

## ઓલિમ્પિક ગેમ્સ અને તેમનો ઇતિહાસ

ઓલિમ્પિક અથવા ઓલિમ્પિક ગેમ્સ એ વિશ્વની સૌથી મોટી રમતગમત સ્પર્ધા છે.

- ઈ.સ. પૂર્વે 776માં સૌપ્રથમ વખત ઓલિમ્પિક રમતની શરૂઆત પ્રાચીન ગ્રીસના ઓલિમ્પિયા શહેરથી થઈ હતી.
- ઈ.સ. પૂર્વે 394 સુધી ઓલિમ્પિક રમતો દર 4 વર્ષે યોજાતી હતી પરંતુ રોમના રાજા થિયોડોસિયો ઈ.સ. પૂર્વે 394 માં તેનું આયોજન બંધ કરાવ્યું હતું.
- આધુનિક ઓલિમ્પિકની શરૂઆત ફ્રાન્સના બેરોન પિય રેડી કુબરટિનના પ્રયાસોથી વર્ષ 1896માં ગ્રીસની રાજધાની એથેન્સથી થઈ હતી. ત્યારબાદ દર 4 વર્ષે ઓલિમ્પિક રમતોનું આયોજન થાય છે.
- ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC) ઓલિમ્પિક રમતોનું સંચાલન કરે છે.
- IOCની સ્થાપના 23 જૂન, 1894ના રોજ સખોન નામના સ્થળે થઈ હતી.
- IOCનું મુખ્યાલય સ્વિત્ઝર્લેન્ડના લૌસેન ખાતે આવેલું છે.
- IOC અંતર્ગત જે તે દેશમાં ઓલિમ્પિક એસોસિયેશન હોય છે.
- ભારતમાં ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશન (IOA)ની શરૂઆત વર્ષ 1924માં થઈ હતી.
- આ ઓલિમ્પિક બે ભાગમાં યોજાય છે :

  (1) Summer Olympics,

  (2) Winter Olympics
- તાજેતરમાં જાપાનના ટોક્યો ખાતે 32મી Summer Olympics 2020નું આયોજન કરવામાં આવ્યં હતું.
- આ અગાઉ વર્ષ 2016માં બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે 31મી Summer Olympics 2016નું આયોજન થયું હતું.
- હવે વર્ષ 2024માં ફ્રાન્સના પેરિસ ખાતે 33મી Summer Olympics 2024નું આયોજન થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Summer Olympicsનું આયોજન

| ક્રમ | વર્ષ | શહેર | દેશ |
|---|---|---|---|
| પ્રથમ | 1896 | એથેન્સ | ગ્રીસ |
| 31મી | 2016 | રિયો ડી જાનેરો | બ્રાઝિલ |
| 32મી | 2020-21 | ટોક્યો | જાપાન |
| 33મી | 2024 | પેરિસ | ફ્રાન્સ |
| 34મી | 2028 | લોસ એન્જલસ | અમેરિકા |

- Summer Olympics દર ચાર વર્ષે યોજાય છે.
- Summer Olympicsને 'ગ્રીષ્મકાલીન ઓલિમ્પિક્સ' કે 'ઉનાળુ ઓલિમ્પિક' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- જ્યારે પ્રથમ Winter Olympicsનું આયોજન ફ્રાન્સના ચેમોનિક્સ (Chamonix) ખાતે વર્ષ 1924માં થયું હતું.
- આ અગાઉ સાઉથ કોરિયાના પીઓંગચેન્ગ ખાતે વર્ષ 2018માં 23મી Winter Olympicsનું આયોજન થયુ હતું.
- હવે પછી વર્ષ 2022માં ચીનના બેઈજિંગ ખાતે 24મી Winter Olympics યોજાશે.

## Winter Olympicsનું આયોજન

| ક્રમ | વર્ષ | શહેર | દેશ |
|---|---|---|---|
| પ્રથમ | 1924 | ચેમોનિક્સ | ફ્રાન્સ |
| 23મી | 2018 | પીઓંગચેન્ગ | સાઉથ કોરિયા |
| 24મી | 2022 | બેઈજિંગ | ચીન |
| 25મી | 2026 | મિલાન, કોર્ટિના | ઈટલી |

- Winter Olympics પણ દર ચાર વર્ષે યોજાય છે.
- સમર અને વિન્ટર ઓલિમ્પિક વચ્ચે બે વર્ષનો ગાળો હોય છે.
- Winter Olympicsને 'શીત કાલીન ઓલિમ્પિક્સ' કે 'શિયાળુ ઓલિમ્પિક્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ઓલિમ્પિક ધ્વજ

વર્ષ 1914માં ઓલિમ્પિક ધ્વજ બનાવવામાં આવ્યો હતો.

- ઓલિમ્પિક ધ્વજને સૌપ્રથમ સાતમા ઓલિમ્પિક રમતોત્સવ એન્ટવર્પ શહેરમાં ફરકાવવામાં અવ્યો હતો. ઓલિમ્પિક ધ્વજ સિલ્કનો બનેલો છે.
- આ ધ્વજ પર પરસ્પર જોડાયેલા પાંચ વર્તુળો હોય છે. તેમાં વાદળી, પીળો, કાળો, લીલો અને લાલ રંગ ક્રમશઃ પૂરેલા હોય છે.
- ઓલિમ્પિકના પાંચ વર્તુળો એ પાંચ ખંડના પ્રતિક છે. તથા પરસ્પર જોડાયેલા હોવાથી આંતરરાષ્ટ્રીય સદભાવના અને મૈત્રીનો સંદેશ આપે છે.

- આ પાંચ વર્તુળ વિશ્વના પાંચ ખંડોનું પ્રતિનિધિત્વ કરે છે :

(1) વાદળી સર્કલ : યુરોપ

(2) પીળુ સર્કલ : એશિયા

(3) કાળુ સર્કલ : આફ્રિકા

(4) લીલુ સર્કલ : ઓસ્ટ્રેલિયા

(5) લાલ સર્કલ : અમેરિકા



## ઓલિમ્પિક્સમાં ભારત

ઓલિમ્પિક્સની શરૂઆત વર્ષ 1896માં થઈ હતી.

- ભારતે સૌપ્રથમ ઈ.સ. 1900માં પેરિસમાં રમાયેલા ઓલિમ્પિકમાં ભાગ લીધો હતો.
- ત્યારબાદ 1920થી ભારતે તમામ ઓલિમ્પિક્સમાં ભાગ લીધો છે.
- વર્ષ 1900થી વર્ષ 2020-21 સુધીમાં ભારતે ઓલિમ્પિકમાં 10 ગોલ્ડ, 9 સિલ્વર અને 16 બ્રોન્ઝ સહિત કુલ 35 મેડલ જીત્યા છે.
- ભારતે જીતેલા 10 ગોલ્ડમાંથી 8 હોકીમાં, 1 ગોલ્ડ શૂટિંગમાં શ્રી અભિનવ બિન્દ્રાએ તથા 1 ગોલ્ડ જેવેલિન થ્રોમાં શ્રી નીરજ ચોપરાએ અપાવ્યો છે.
- ભારતને વ્યક્તિગત રીતે પ્રથમ ગોલ્ડ મેડલ શ્રી અભિનવ બિન્દ્રાએ વર્ષ 2008ની બેઈજિંગ ઓલિમ્પિકમાં શુટિંગ રમતમાં અપાવ્યો હતો.
- અત્યાર સુધીમાં ભારતીય પુરુષ હોકી ટીમે 8 ગોલ્ડ, 1 સિલ્વર અને 3 બ્રોન્ઝ મેડલ જીત્યા છે.
- ઓલિમ્પિકમાં હોકીની રમતમાં સૌથી વધુ ગોલ્ડ ભારતે જીત્યા છે.

**ટોક્યો ઓલિમ્પિક 2020ના પ્રશ્ન - જવાબ**
**ICE MAGIC WEEK-33માં મુકવામાં આવશે.**








## ઓલિમ્પિકમાં ભારતના મેડલ્સ

| ક્રમ | ગેમ્સ–વર્ષ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | પેરિસ– 1900 | 00 | 02 | 00 | 2 |
| 2 | એમ્સ્ટ્રેડમ– 1928 | 01 | 00 | 00 | 1 |
| 3 | લોસ એન્જલસ– 1932 | 01 | 00 | 00 | 1 |
| 4 | બર્લિન– 1936 | 01 | 00 | 00 | 1 |
| 5 | લંડન– 1948 | 01 | 00 | 00 | 1 |
| 6 | હેલસિંકી– 1952 | 01 | 00 | 01 | 2 |
| 7 | મેલબોર્ન– 1956 | 01 | 00 | 00 | 1 |
| 8 | રોમ– 1960 | 00 | 01 | 00 | 1 |
| 9 | ટોક્યો– 1964 | 01 | 00 | 00 | 1 |
| 10 | મેક્સિકો– 1968 | 00 | 00 | 01 | 1 |
| 11 | મ્યુનિચ– 1972 | 00 | 00 | 01 | 1 |
| 12 | મોસ્કો– 1980 | 01 | 00 | 00 | 1 |
| 13 | એટલાન્ટા– 1996 | 00 | 00 | 01 | 1 |
| 14 | સીડની– 2000 | 00 | 00 | 01 | 1 |
| 15 | એથેન્સ– 2004 | 00 | 01 | 00 | 1 |
| 16 | બેઈજિંગ– 2008 | 01 | 00 | 02 | 3 |
| 17 | લંડન– 2012 | 00 | 02 | 04 | 6 |
| 18 | રીયો– 2016 | 00 | 01 | 01 | 2 |
| 19 | ટોક્યો– 2020 | 01 | 2 | 04 | 7 |
| | કુલ | 10 | 09 | 16 | 35 |

નોંધ : ઉપરોક્ત કોષ્ટક ભારતે જે વર્ષ મેડલ જીત્યો છે તે વર્ષનું જ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ITI Instructorની પરીક્ષામાં પાસ થનાર ICE વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન...



MOHIT BALASARA



ANAND KHOKHAR



YUVRAJSINH JADEJA



KARISHMA MOGAL

## લદ્દાખમાં 'ઈનર લાઈન પરમિટ'ની વ્યવસ્થા દૂર કરવામાં આવી.

વહીવટીતંત્રએ તાજેતરમાં સ્થાનિક પ્રવાસિઓ સહિત તમામ ભારતીય નાગરીકો માટે લદાખ કેન્દ્રશાસિત પ્રદેશના સૂચિત સંરક્ષિત વિસ્તારોની મુલાકાત લેવા માટે 'ઈનર લાઈન પરમિટ' (ILP)ની જરૂરિયાતને દૂર કરી છે.

- આ માટે લદ્દાખ વહીવટીતંત્રએ 6 ઓગસ્ટ, 2021ના રોજ ઈનર લાઈન પરમિટ અંગે એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું.
- અગાઉ, સ્થાનિક પ્રવાસીઓ માટે લદ્દાખના અંતરિયાળ વિસ્તારમાં જતા પહેલા અધિકારીઓ પાસેથી 'ઈનર લાઈન પરમીટ' (ILP) મેળવવી ફરજિયાત હતી.
- આ ઉપરાંત અગાઉ ભારતીય સ્થાનિક પ્રવાસીઓને લેહની નુબ્રા ખીણમાં યોર્મા ગોમ્બો મઠ સુધી જ મંજૂરી આપવામાં આવતી હતી.
- ન્યોમા, નુબ્રા જેવા સરહદી વિસ્તારો અને લેહ અને કારગિલ જિલ્લાઓના સ્થળોના પ્રવાસ સર્કિટમાં વિદેશી પ્રવાસીઓને રોકાવાનો પ્રતિબંધ 7 દિવસથી વધારીને 15 દિવસ કરવામાં આવ્યો છે.
- આ પગલું ભારતીય નાગરરિકોને લદ્દાખની મુલાકાત લેવા માટે મદદ કરશે અને વિદેશીઓના વિસ્તરણથી લદ્દાખમાં ગ્રામીણ પ્રવાસનને વેગ મળશે.

### ઈનર-લાઈન પરમિટ (ILP)

ઈનર–લાઈન પરમિટ એ 'બંગાળ ઈસ્ટર્ન ફ્રન્ટીયર રેગ્યુલેશન એક્ટ, 1873' હેઠળ અમલમાં આવેલો સત્તાવાર પ્રવાસ દસ્તાવેજ છે.

- જે ભારતીય નાગરિકોને મર્યાદિત સમય માટે સંરક્ષિત અથવા પ્રતિબંધિત વિસ્તારમાં મુલાકાત લેવાની અથવા રહેવાની પરવાનગી આપે છે.
- આ અધિનિયમ બ્રિટિશ સરકાર દ્વારા તેના વ્યાપારી હિતોના રક્ષણ માટે અમલમાં મુકવામાં આવ્યો હતો. જેથી અન્ય ભારતીય પ્રદેશોમાંથી આવતા લોકોને આ પ્રતિબંધિત વિસ્તારોમાં વેપાર કરતા અટકાવી શકાય છે.
- આ પ્રણાલી હેઠળ પ્રતિબંધિત વિસ્તારો અને બાકીના ભારતને બે ભાગમાં વહેંચવા માટે કાલ્પનિક રેખા દોરવામાં આવે છે જેને 'ઈનર–લાઈન' તરીકે ઓળખવામાં આવે છે.
- વર્તમાન અરૂણાચલ પ્રદેશ, મણિપુર, મિઝોરમ અને નાગાલેન્ડ રાજ્ય આ સિસ્ટમ હેઠળ આવે છે.
- વિદેશી પ્રવાસીઓને આ રાજ્યોની મુલાકાત લેવા માટે 'પ્રોટેક્ટેડ એરિયા પરમિટ' (PAP)ની જરૂર છે, જે સ્થાનિક પ્રવાસીઓને આપવામાં આવેલી 'ઈનર લાઈન પરમિટ' થી અલગ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## MONDAY Questions

1. 'વિશ્વ આદિવાસી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 ઓગસ્ટ (B) 8 ઓગસ્ટ (C) 9 ઓગસ્ટ (D) 10 ઓગસ્ટ **(C)**

2. તાજેતરમાં કયા પ્રદેશમાંથી 'ઈનર લાઈન પરમિટ'ની જરૂરિયાત દૂર કરી છે ?

(A) લદ્દાખ (B) દિલ્હી (C) ચેન્નાઈ (D) વિશાખાપટ્ટનમ **(A)**

3. 23 જુલાઈ, 2021 થી 8 ઓગસ્ટ, 2021 દરમિયાન જાપાનના ટોક્યો ખાતે કેટલામી ઓલિમ્પિકનું આયોજન થયું હતું ?

(A) 30મી (B) 31મી (C) 32મી (D) 33મી **(C)**

4. 'ટોક્યો ઓલિમ્પિક 2020' જાપાનના કયા સમ્રાટ દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો ?

(A) શ્રી નીકો હિતો (B) શ્રી નારૂહિતો (C) શ્રી નીસુરૂ હિતો (D) શ્રી રાહીમોહિતો **(B)**

5. ટોક્યો ઓલિમ્પિક 2020ના ઉદ્‌ઘાટન સમારોહ પરેડમાં ભારતે કેટલામાં ક્રમે સ્ટેડિયમમાં પ્રવેશ લીધો હતો ?

(A) 21માં (B) 22માં (C) 23માં (D) 25માં **(A)**

6. ટોક્યો ઓલિમ્પિક 2020માં ઉદ્‌ઘાટન સમારોહના ભારતના ધ્વજવાહક કોણ હતું ?

(A) શ્રી મનપ્રીત સિંઘ અને સુશ્રી એમ.સી. મેરી કોમ (B) શ્રી નીરજ ચોપરા અને સુશ્રી પી.વી.સિંધુ

(C) શ્રી મનપ્રીત સિંઘ અને સુશ્રી પી.વી.સિંધુ (D) શ્રી બજરંગ પૂનિયા અને સુશ્રી એમ.સી.મેરી કોમ **(A)**

7. ટોક્યો ઓલિમ્પિક 2020માં ઓલિમ્પિક મશાલથી ઓલિમ્પિક કોલ્ડ્રોનને પ્રજ્વલ્લિત કોણે કર્યુ હતું ?

(A) સુશ્રી કોકોના હીરાકી (B) સુશ્રી એલિન થોમ્સન

(C) સુશ્રી ફ્લોરા ડુફી (D) સુશ્રી નાઓમી ઓસાકા **(D)**

8. ટોક્યો ઓલિમ્પિક 2020નું અપડેટ થયેલું સુત્ર (Motto) શું હતું ?

(A) Faster, Higher, Together (B) Faster, Higher, Stronger- Together

(C) Faster, stronger - Higher - Quality (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

9. ટોક્યો ઓલિમ્પિક 2020નું માસ્કોટ શું હતું ?

(A) Excitement (B) Diversity (C) Miraitova (D) Stronger **(C)**

10. ટોક્યો ઓલિમ્પિક 2020માં મેડલ ટેબલમાં કયો દેશ પ્રથમ ક્રમાંકે રહ્યો છે ?

(A) અમેરિકા (B) ચીન (C) જાપાન (D) ગ્રેટ બ્રિટન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**11.** ટોક્યો ઓલિમ્પિક 2020માં અમેરિકાએ કુલ કેટલા ગોલ્ડ જીત્યા છે ?

(A) 22 (B) 27 (C) 38 (D) 39 **(D)**

**12.** ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતે કુલ કેટલા મેડલ જીત્યા છે ?

(A) 5 (B) 6 (C) 7 (D) 8 **(C)**

**13.** ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારત સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતે કુલ 7 મેડલ જીત્યા છે.

(B) ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતે 1 ગોલ્ડ, 2 સિલ્વર અને 4 બ્રોન્ઝ મેડલ જીત્યા છે.

(C) ટોક્યો ઓલિમ્પિક 2020માં મેડલ ટેબલમાં ભારત 48 માં ક્રમે રહ્યું છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

**14.** ટોક્યો ઓલિમ્પિક 2020માં કયા ખેલાડીએ ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો છે ?

(A) શ્રી રવિ દહિયા (B) શ્રી નીરજ ચોપરા (C) શ્રી બજરંગ પુનિયા (D) સુશ્રી પી.વી.સિંધુ **(B)**

**15.** શ્રી નીરજ ચોપરા કઈ રમત સાથે સંકળાયેલા છે ?

(A) જેવેલિન થ્રો (B) વેઈટલિફ્ટિંગ (C) બેડમિન્ટન (D) હોકી **(A)**

**16.** સુશ્રી મીરાબાઈ ચાનુએ ટોક્યો ઓલિમ્પિક 2020માં સિલ્વર મેડલ જીત્યો છે. તે કઈ રમત સાથે સંકળાયેલા છે ?

(A) બોક્સિંગ (B) કુસ્તી (C) ડિસ્ક થ્રો (D) વેઈટ લિફ્ટિંગ **(D)**

**17.** સુશ્રી મીરાબાઈ ચાનુએ ટોક્યો ઓલિમ્પિક 2020માં કઈ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો છે ?

(A) 49 કિગ્રા (B) 57 કિગ્રા (C) 67 કિગ્રા (D) 73 કિગ્રા **(A)**

**18.** સુશ્રી પી.વી.સિંધુએ ટોક્યો ઓલિમ્પિક 2020માં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ સાથે તેમણે ઓલિમ્પિકમાં અત્યાર સુધીમાં _____ મેડલ જીત્યા છે.

(A) 2 (B) 4 (C) 3 (D) 6 **(A)**

**19.** સુશ્રી લવલીના બોરગોહેને ટોક્યો ઓલિમ્પિક 2020માં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. તે ભારતના કયા રાજ્યના પ્રસિધ્ધ બોક્સર છે ?

(A) મણિપુર (B) આસામ (C) મેઘાલય (D) ત્રિપુરા **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**20.** ભારતના યુવા કુસ્તિબાજ શ્રી રવિ કુમાર દહિયાએ ટોક્યો ઓલિમ્પિક 2020માં કુસ્તીમાં કઈ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો છે ?

(A) 57 કિગ્રા (B) 61 કિગ્રા (C) 63 કિગ્રા (D) 69 કિગ્રા **(A)**

**21.** ભારતીય પૂરુષ હોકી ટીમે ટોક્યો ઓલિમ્પિક 2020માં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચયો છે. આ અગાઉ ભારતે કયા વર્ષે હોકીમાં મેડલ જીત્યો હતો ?

(A) 1965 (B) 1970 (C) 1980 (D) 1990 **(C)**

**22.** ભારતે ઓલિમ્પિકમાં હોકીની રમતમાં અત્યાર સુધીમાં કુલ કેટલા ગોલ્ડ મેડલ જીત્યા છે ?

(A) 7 (B) 8 (C) 9 (D) 11 **(B)**

**23.** ટોક્યો ઓલિમ્પિક 2020માં શ્રી બજરંગ પુનિયાએ ભારતને બ્રોન્ઝ મેડલ અપાવ્યો છે તે કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) જેવેલિન થ્રો (B) ડિસ્ક થ્રો (C) કુસ્તી (D) શૂટિંગ **(C)**

**24.** ટોક્યો ઓલિમ્પિક 2020માં સમાપન સમારોહમાં ભારતના ધ્વજવાહક કોણ હતું ?


(A) શ્રી બજરંગ પુનિયા (B) શ્રી નીરજ ચોપરા

(C) શ્રી રવિકુમાર દહિયા (D) શ્રી મનપ્રીત સિંઘ **(A)**

**25.** 33મી ટોક્યો ઓલિમ્પિક વર્ષ 2024માં કયા શહેરમાં યોજવામાં આવશે ?

(A) બર્લિન (B) એથેન્સ (C) પેરિસ (D) બેઈજિંગ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 10 ઓગસ્ટ, (1) વિશ્વ સિંહ દિવસ (World Lion Day)
## (2) વિશ્વ જૈવ-ઇંધણ દિવસ (World Biofuel Day)

### વિશ્વ સિંહ દિવસ




સમગ્ર વિશ્વમાં 10 ઓગસ્ટનો દિવસ 'વિશ્વ સિંહ દિવસ' તરીકે ઉજવાય છે.

- આ અંતર્ગત ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા 10 ઓગસ્ટ, 2021ના રોજ ગુજરાતમાં 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- સમગ્ર વિશ્વમાં આ પ્રજાતિના સરંક્ષણ અને સંવર્ધન માટે લોકોમાં જાગૃતિ કેળવાય અને સિંહના સંરક્ષણ અને સંવર્ધનમાં લોકોની ભાગીદારી વધે તે હેતુ થી 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

### એશિયાટિક સિંહ



એશિયાઈ સિંહએ બિલાડીકુળનું સૌથી ઊંચું અને વાઘ પછીનું સૌથી મોટું પ્રાણી છે.

- એશિયાઈ સિંહ માત્ર ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશમાં જોવા મળે છે.
- એક સમયે એશિયાઈ સિંહો મેસોપોટેમીયા, અરેબિયા, પર્શીયા અને ભારતીય ઉપખંડ સુધી ફેલાયેલા હતા. છેલ્લે સિંહની વસતી ઘટતા હવે તેઓ માત્ર ગીરના જંગલોમાં જ જોવા મળે છે.
- નોંધ : હાલના સમયે સિંહ સમગ્ર વિશ્વમાં ફક્ત બે જ જગ્યાએ જોવા મળે છે : (1) ભારતમાં ગુજરાતના સૌરાષ્ટ્રમાં અને (2) આફ્રિકામાં

ICE INSTITUTE FOR COMPETITIVE ®

## મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સુશાસનના પાંચ વર્ષ



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે "પાંચ વર્ષ આપણી સરકારના, સૌના સાથ સૌના વિકાસના" 'શિર્ષક' હેઠળ જનકલ્યાણ અને લોકહીતના અનેકવિધ કાર્યક્રમો સમગ્ર રાજ્યમાં યોજાયા હતા.

- કોરોના સંક્રમણ નિયંત્રણ માટેની ગાઈડ લાઈન્સના સંપૂર્ણ પાલન સાથે આ કાર્યક્રમ યોજાયા હતા.
- આ અંતર્ગત ગુજરાતામાં વિવિધ 9 દિવસની ઉજવણી કરવામાં આવી હતી જે નીચે મુજબ છે :

| ક્રમ | તારીખ | દિવસ | રાજ્યકક્ષાની ઉજવણી |
|---|---|---|---|
| 1 | 1 ઓગસ્ટ | જ્ઞાનશક્તિ દિવસ | ગાંધીનગર |
| 2 | 2 ઓગસ્ટ | સંવેદના દિવસ | રાજકોટ |
| 3 | 3 ઓગસ્ટ | અન્નોત્સવ દિવસ | દાહોદ |
| 4 | 4 ઓગસ્ટ | નારી ગૌરવ દિવસ | વડોદરા |
| 5 | 5 ઓગસ્ટ | કિસાન સન્માન દિવસ | કચ્છ |
| 6 | 6 ઓગસ્ટ | રોજગાર દિવસ | સુરત |
| 7 | 7 ઓગસ્ટ | વિકાસ દિવસ | ગાંધીનગર |
| 8 | 8 ઓગસ્ટ | શહેરી જન સુખાકારી દિવસ | અમદાવાદ |
| 9 | 9 ઓગસ્ટ | વિશ્વ આદિવાસી દિવસ | રાજપીપળા |

## 1 ઓગસ્ટ : જ્ઞાન શક્તિ દિવસ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'જ્ઞાન શક્તિ દિવસ' નિમિત્તે શિક્ષણ સુવિધાઓના લોકાપર્ણ–ખાતમૂર્હુત તેમજ સહાય વિતરણનો મહાત્મા મંદિર ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો.

- 'પાંચ વર્ષ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસરતા'ની થીમના આધારે 'જ્ઞાન શક્તિ દિવસ' અંતર્ગત ગાંધીનગર ખાતેથી રાજ્યભરમાં કુલ 151 કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.
- 'જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂ. 135 કરોડના ખર્ચે 3659 શાળાઓના તૈયાર થયેલા 12,000 જેટલા સ્માર્ટ ક્લાસનું પણ લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત ધોળકા અને નવસારી તાલુકા પંચાયતના મકાનનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.
- શોધ યોજના અંતર્ગત 1000 પી.એચ.ડી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તથા મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત 2008 વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય વિતરણ તેમજ નમો ઈ–ટેબલેટ વિતરણ કરવામાં આવ્યા હતા.

## 2 ઓગસ્ટ : સંવેદના દિવસ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સંવેદના દિવસ નિમિત્તે રાજ્યવ્યાપી 'સેવાસેતુ કાર્યક્રમ'ના છઠ્ઠા તબક્કાનો રાજકોટથી શુભારંભ કરી મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી.

- 2 ઓગસ્ટના રોજ વિજયભાઈ રૂપાણીએ તેમના જન્મદિવસ નિમિત્તે જણાવ્યું કે, રાજ્યની મહિલાઓના સમાજમાં પુનઃ સ્થાપન માટે "ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના" અંતર્ગત રાજ્ય સરકાર રૂ. 50,000 આપશે.
- કોરોના મહામારીમાં માતા–પિતા કે વાલી ગુમાવનાર બાળકને પણ રાજ્ય સરકાર રૂ. 2,000 પ્રતિમાસ આર્થિક સહાય 'એક વાલી યોજના' અંતર્ગત આપશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 3 ઓગસ્ટ : અન્નોત્સવ દિવસ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'અન્નોત્સવ દિવસ' નિમિત્તે ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ગુજરાતના 71 લાખ પરિવારોના સાડા ત્રણ કરોડ લોકોને દિવાળી સુધી સાવ વિનામૂલ્યે રાશન આપવાના સેવાયજ્ઞનો ઉગતા સૂર્યના પ્રદેશ દાહોદ ખાતેથી વર્ચ્યુઅલ (વીડિયો કોન્ફરન્સના માધ્યમથી) પ્રારંભ કરાવ્યો હતો.

- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દાહોદ ઉપરાંત મહેસાણા, તાપી, ગાંધીનગર અને રાજકોટ જિલ્લાના લાભાર્થીઓ સાથે ઈ–સવાંદ પણ સાધ્યો હતો.

## 4 ઓગસ્ટ : નારી ગૌરવ દિવસ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'નારી ગૌરવ દિવસ' નિમિત્તે મહિલા ઉત્કર્ષલક્ષી વિવિધ કાર્યક્રમોનો વડોદરાથી પ્રારંભ કરાવ્યો હતો.

- આ અવસરે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ રાજ્યના 14 હજાર મહિલા ગ્રુપોની (JLESG) એક લાખ મહિલાઓને રૂ. 140 કરોડની વગર વ્યાજની લોનનું વિતરણ કરવા સાથે મહિલા અને બાળ વિકાસ વિભાગના વિવિધ કાર્યક્રમનું લોકાર્પણ કર્યુ હતું.

## 5 ઓગસ્ટ : કિસાન સન્માન દિવસ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કચ્છ–ભૂજથી 'કિસાન સન્માન દિવસ' નિમિત્તે કૃષિ કલ્યાણની રાજ્યવ્યાપી સેવાઓનો પ્રારંભ કરાવ્યો હતો.

- મુખ્યમંત્રીશ્રીએ 1400 થી વધુ ગામોમાં કિસાન સૂર્યોદય યોજનાનો કચ્છથી પ્રારંભ કરાવ્યો હતો.
- કચ્છના ભુજમાં વરસાણી હાઈસ્કૂલના મેદાનમાં યોજાયેલા કાર્યક્રમમાં સરદાર પટેલ એવોર્ડ વિજેતા ખેડૂતોનું સન્માન કરવામાં કરવામાં આવ્યું હતું.
- સાત પગલા ખેડૂત કલ્યાણના અંતર્ગત વિવિધ યોજનાઓના લાભાર્થી ખેડૂતોને સહાય અને કૃષિ ઓજારોનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

## 6 ઓગસ્ટ : રોજગાર દિવસ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સુરત ખાતેથી રાજ્યકક્ષાના 'રોજગાર દિવસ'ના કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.

- આ દિવસ નિમિત્તે વિવિધ પરીક્ષામાં પસંદગી પામેલ 62 હજારથી વધુ યુવાઓને નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.
- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે 'લર્નિંગ વીથ અર્નિંગ'ના અભિનવ અભિગમ સાથે રાજ્ય સરકારે શરૂ કરેલી મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત છેલ્લા 2 વર્ષમાં 2.30 લાખથી વધુ યુવાનોને આ લાભ મળ્યો છે.
- આ ઉપરાંત યુવાનોને રોજગારીની વિશાળ તકો પૂરી પાડવા 'અનુબંધમ' પોર્ટલ અને મોબાઈલ એપનો ડિજિટલી શુભારંભ કરાવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 7 ઓગસ્ટ : વિકાસ દિવસ

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર ખાતે યોજાયેલા 'વિકાસ દિવસ' કાર્યક્રમમાં વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને રાજ્યના વિકાસ કામોનું ઈ–લોકાર્પણ કરાવ્યું હતું.

- ભારત માલા પરિયોજના હેઠળ આશરે રૂ. 25,317 કરોડના 1080 કિલોમિટરના રસ્તાઓના કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ દિવસ નિમિત્તે પંચાયત અને ગૃહ નિર્માણ વિભાગની 'વતન પ્રેમ યોજના'ના વેબપોર્ટલનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.

## 8 ઓગસ્ટ : શહેરી જન સુખાકારી દિવસ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા અમદાવાદ ખાતે આયોજિત રાજ્યકક્ષાના મુખ્ય સમારોહમાં 'શહેરી જન સુખાકારી દિવસ'નું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.

- આ દિવસ નિમિત્તે રાજ્યના 8 મહાનગરોમાં અને 156 નગરપાલિકા વિસ્તારમાં વિકાસના કામોનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.
- આ દિવસ નિમિત્તે રાજ્યભરમાં 41 સ્થળોએ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.
- આ ઉપરાંત રાજ્યના નગરોમાં સીટીઝન સેન્ટ્રિક સેવાઓ નાગરિકોને સરળતાથી ઘરે બેઠા મળી શકે તે માટે ડિજિટલ ક્રાંતિના વિનિયોગથી 'ઈ–નગર' મોબાઈલ એપ્લિકેશન પણ લોન્ચ કરી હતી.

## 9 ઓગસ્ટ : વિશ્વ આદિવાસી દિવસ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતેથી રાજ્યના 53 આદિજાતિ તાલુકાઓમાં રૂ. 1,700 કરોડના 289 વિકાસ કામોનો પ્રારંભ કરાવ્યો હતો.

- આ દિવસ નિમિત્તે શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજપીપળા નજીક જીતનગર ખાતે અંદાજે રૂ. 341 કરોડના ખર્ચે નિર્માણ થનાર બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત કરાવ્યું હતું.

## 'કાંકોરી ટ્રેન કાવતરા'નું નામ બદલીને 'કાંકોરી ટ્રેન કાર્યવાહી' રાખવામાં આવ્યું

તાજેતરમાં ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા 'કાંકોરી ટ્રેન ષડયંત્ર' અથવા 'કાંકોરી ટ્રેન કાવતરા'નું નામ બદલીને 'કાંકોરી ટ્રેન કાર્યવાહી' (કાંકોરી ટ્રેન એક્શન) રાખવામાં આવ્યું છે.

- કારણ કે 'કાવતરુ' શબ્દ ભારતની સ્વતંત્રતા સંગ્રામ હેઠળની ઘટનાના અપમાનની ભાવના દર્શાવે છે.
- આ નિર્ણય બાદ કોઈપણ સત્તાવાર દસ્તાવેજમાં આ ઘટનાનો ઉલ્લેખ કરવા માટે 'કાંકોરી ટ્રેન ષડયંત્ર'ને બદલે 'કાંકોરી ટ્રેન કાર્યવાહી' શબ્દનો ઉપયોગ કરવામાં આવશે.
- ક્રાંતિકારીઓએ હથિયારો ખરીદવા માટે વર્ષ 1925માં ટ્રેન લૂંટી હતી.

- આ ક્રાંતિકારીઓનું મુખ્ય લક્ષ્ય બ્રિટિશ શાસનમાંથી ભારતને આઝાદ કરાવવાનું હતું.
- આ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.
- 9 ઓગસ્ટ, 1925ના રોજ લખનૌ નજીક કાંકોરી નામના ગામમાં ટ્રેન લૂંટવામાં આવી હતી.
- આ લૂંટનું આયોજન હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશન દ્વારા કરવામાં આવ્યુ હતું.
- ક્રાંતિકારીઓને હથિયાર ખરિદવા માટે પૈસાની જરૂર હતી. આથી તેઓએ ઉત્તર રેલવે લાઈન પર ટ્રેન લૂંટવાનું નક્કી કર્યુ હતું.
- આ લૂંટની યોજના શ્રી રામપ્રસાદ બિસ્મિલ, શ્રી અશફાકુલ્લાહ ખાન, શ્રી રાજેન્દ્ર લાહિરી, શ્રી કેશવ ચક્રવર્તી, શ્રી મુકુંદી લાલ, શ્રી બનવારીલાલ વગેરે દ્વારા હાથ ધરવામાં આવી હતી.
- સ્વાતંત્ર્ય સેનાનીઓ શ્રી રામપ્રસાદ બિસ્મિલ, શ્રી અશફાકુલ્લાહ ખાન અને શ્રી રોશનસિંહને કાંકોરી ટ્રેન લૂંટમાં સંડોવણી બદલ 19 ડિસેમ્બર, 1927ના રોજ ફાંસી આપવામાં આવી હતી.



# TUESDAY Questions

1. સમગ્ર વિશ્વમાં કયા દિવસે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 9 ઓગસ્ટ (B) 10 ઓગસ્ટ (C) 11 ઓગસ્ટ (D) 12 ઓગસ્ટ **(B)**

2. 'વિશ્વ જૈવ–ઈંધણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 ઓગસ્ટ (B) 11 ઓગસ્ટ (C) 12 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ **(A)**

3. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સુશાસનના કેટલા વર્ષ પુરા થયા છે ?

(A) 12 વર્ષ (B) 8 વર્ષ (C) 7 વર્ષ (D) 5 વર્ષ **(D)**

4. શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. તે સંદર્ભ નીચે આપેલ જોડકા પૈકી યોગ્ય જોડકું જોડો ?

| A | B |
|---|---|
| a. 1 ઓગસ્ટ | 1. અન્નોત્સવ દિવસ |
| b. 2 ઓગસ્ટ | 2. નારી ગૌરવ દિવસ |
| c. 3 ઓગસ્ટ | 3. જ્ઞાનશક્તિ દિવસ |
| d. 4 ઓગસ્ટ | 4. સંવેદના દિવસ |

(A) a-3, b-4, c-1, d-2 (B) a-3, b-4, c-2, d-1
(C) a-2, b-1, c-4, d-3 (D) a-2, b-4, c-3, d-1 **(A)**

5. શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારના સુશાસનના 5 વર્ષ પુર્ણ થવા નિમિત્તે 9 ઓગસ્ટના રોજ 'વિશ્વ આદિવાસી દિવસ'ની રાજ્યકક્ષાની ઉજવણી કયા સ્થળે કરવામાં આવી હતી ?

(A) ચાંદોદ (B) ગોધરા (C) રાજપીપળા (D) છોટા ઉદેપુર **(C)**

6. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'કાંકોરી ટ્રેન કાવતરું' અથવા 'કાંકોરી ટ્રેન ષડયંત્ર'નું નામ બદલીને 'કાંકોરી ટ્રેન કાર્યવાહી' કરવામાં આવ્યું છે ?

(A) હરિયાણા (B) ઉત્તરપ્રદેશ (C) પંજાબ (D) પ. બંગાળ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉજ્જવલા 2.0 યોજના




તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' (PMUY) અથવા 'ઉજ્જવલા 2.0' યોજનાના બીજા તબક્કાનો શુભારંભ કરાવ્યો છે.

- ઉજ્જવલા 2.0 યોજનાનો પ્રારંભ 10 ઓગસ્ટના રોજ ઉત્તર પ્રદેશ ખાતેથી કરવામાં આવ્યો હતો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 10 ઓગસ્ટના રોજ 'વિશ્વ જૈવ ઈંધણ' દિવસ નિમિત્તે 'ગોબર ધન'ને પ્રોત્સાહન આપવાની યોજનાનો ઉલ્લેખ કર્યો હતો.
- ઉજ્જવલા વર્તણૂક પરિવર્તનના મહત્વાકાંક્ષી એજન્ડાનો એક ભાગ છે. જે વર્ષ 2024 સુધીમાં ભારતને 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થામાં પરિવર્તિત કરવામાં મદદ કરશે.
- ઉજ્જવલા– 2 યોજના હેઠળ સ્થળાંતર કરનારાઓને LPG સિલિન્ડર મેળવવા માટે રેશનકાર્ડ અથવા એડ્રેસ પ્રૂફ રજૂ કરવાની જરૂર રહેશે નહીં.
- ઉજ્જવલા– 2 એ ઉજ્જવાલા– 1નું અદ્યતન સંસ્કરણ છે.
- ઉજ્જવલા 1 હેઠળ 8 કરોડ મહિલા લાભાર્થીઓને મફત LPG કનેક્શન આપવામાં આવ્યા હતા.
- આ યોજના હેઠળ દરેક LPG જોડાણ માટે BPL પરિવારોને 1600 રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે.
- ડિપોઝિટ ફ્રી LPG કનેક્શન ઉપરાંત ઉજ્જવલા– 2 લાભાર્થીઓને પ્રથમ રિફલ અને હોટપ્લેટ વિનામૂલ્યે આપવામાં આવશે.
- આ ઉપરાંત આ યોજનાના બીજા સંસ્કરણ હેઠળ નોંધણી પ્રક્રિયાને સરળ બનાવવામાં આવી છે.

### પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ 2016 માં શરૂ કરવામાં આવી હતી.

- આ યોજનાના મૂળરૂપે ગરીબી રેખા નીચેની મહિલાઓને 50 મિલિયન LPG કનેક્શન વિતરણ કરવા માટે શરૂ કરવામાં આવી હતી.
- બાદમાં તેને માર્ચ 2020 સુધીમાં 8 કરોડ મહિલાઓને LPG કનેક્શન પૂરું પાડવા માટે વિસ્તૃત કરવામાં આવી હતી.
- 8 કરોડ મહિલાઓને LPG કનેક્શન આપવાનું આ લક્ષ્ય સપ્ટેમ્બર 2019માં નિર્ધારિત તારીખથી સાત મહિના પહેલા પ્રાપ્ત થયું હતું.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ મહિલા સશક્તિ કરણ અને તેમના સ્વાસ્થ્યનું રક્ષણ, ભારતમાં અશુધ્ધ રસોઈ ઈંધણના કારણે મૃત્યુમાં ઘટાડો લાવવો તથા નાના બાળકોને ઘરની અંદર અશ્મિભૂત ઈંધણ બાળીને પ્રદૂષણને કારણે થતા શ્વસનતંત્રના ગંભીર રોગોથી બચાવવાનો છે.
- નોંધ : (1) કેન્દ્રીય બજેટ 2021માં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને આ યોજના હેઠળ વધારાના એક કરોડ લાભાર્થીઓને લાભ આપવાની જાહેરાત કરી હતી.

  (2) LPGનું પૂરું નામ 'Liquefied Petroleum Gas' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે 'અલ-મોહદ અલ-હિન્દી 2021' કવાયતનું આયોજન કરવામાં આવ્યું

તાજેતરમાં ભારત અને સાઉદી અરેબિયાએ 'અલ–મોહદ અલ હિન્દી 2021' (AL- MOHED AL- HINDI-2021) નામની તેમની પ્રથમ નૌકાદળ કવાયત હાથ ધરી હતી.

- ભારતીય નૌકાદળનું 'ગાઈડેડ–મિસાઈલ ડિસ્ટ્રોયર' INS કોચી આ કવાયતમાં ભાગ લેવા માટે સાઉદી અરેબિયા પહોંચી ગયું છે. આ સંયુક્ત નૌકા કવાયત ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે વધતા સંરક્ષણ અને લશ્કરી સહકારને પ્રતિબિંબિત કરશે.
- ઓમાનના વેપારી ટેન્કર પર ડ્રોન હુમલામાં બ્રિટિશ નાગરિક અને રોમાનિયન નાગરિકના મોત બાદ ગલ્ફ પ્રદેશમાં વધતા તણાવ વચ્ચે આ કવાયત મહત્વ ધરાવે છે.
- INS કોચી જુબૈલ બંદર પર પહોંચયા બાદ રોયલ સાઉદી નૌકાદળના અધિકારીઓ દ્વારા તેનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું.
- નોંધ : (1) INS કોચી કોલકાતા વર્ગનું બીજું સ્ટીલ્થ ગાઈડેડ–મિસાઈલ ડિસ્ટ્રોયર છે.

  (2) તે પ્રોજેક્ટ 15A કોડ નામથી ભારતીય નૌસેના માટે બનાવવામાં આવ્યું હતું.

## Global Youth Development Index- 2020

'વૈશ્વિક યુવા વિકાસ સૂચકાંક, 2020' (ગ્લોબલ યુથ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ, 2020)માં ભારત 181 દેશમાંથી 122માં ક્રમે રહ્યું છે.

- કોમનવેલ્થ સચિવાલયે 181 દેશો માટે આ ત્રિમાસિક યુવા વિકાસ રેન્કિંગ જાહેર કર્યુ છે.
- આ સૂચકાંક અથવા ઈન્ડેક્સ વિશ્વના 181 દેશોમાં યુવાઓની સ્થિતિને માપે છે.
- આ ઈન્ડેક્સમાં સિંગાપોર પ્રથમ વખત ટોચ પર રહ્યું છે.
- ત્યારબાદ બીજા ક્રમે સ્લોવેનિયા અને ત્રીજા ક્રમે નોર્વે આવે છે.
- આ ઈન્ડેક્સમાં સૌથી નીચે આવેલા દેશોમાં ચાડ, મધ્ય આફ્રિકન રિપબ્લિકન, દક્ષિણ સુદાન, અફઘાનિસ્તાન અને નાઈઝરનો સમાવેશ થાય છે.
- આ ઈન્ડેક્સ દર્શાવે છે કે વર્ષ 2010 થી 2018 વચ્ચે સમગ્ર વિશ્વના યુવાનોની સ્થિતિમાં 3.1%નો સુધારો થયો છે. જોકે, આ પ્રગતિ ખૂબ ધીમી હતી. આ ઈન્ડેક્સમાં 156 દેશોએ તેમના સ્કોરમાં ઓછામાં ઓછો નજીવો સુધારો નોંધાવ્યો છે. ટાચના પાંચ સુધારકોમાં ભારત, અફઘાનિસ્તાન, રશિયા, ઈથોપિયા અને બુર્કિના ફાસોનો સમાવેશ થાય છે. તેઓએ તેમના સ્કોરમાં સરેરાશ 15.74%નો વધારો કર્યો છે.
- લિબિયા, સીરિયા, યુક્રેન જોર્ડન અને લેબેનોન જેવા દેશોએ 2010 અને 2018 વચ્ચે યુવા વિકાસમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે.
- વૈશ્વિક યુવા વિકાસ સૂચકાંક શિક્ષણ, આરોગ્ય, રોજગાર, સમાનતા અને સમાવેશ, રાજકીય અને નાગરિક ભાગીદારી તથા શાંતિ અને સલામતિના સંબંધમાં યુવાનોમાં વિકાસના આધારે 0.00 (સૌથી નીચો) અને 1.00 (ઉચ્ચતમ)ના સ્કોર વચ્ચે દેશોને ક્રમ આપે છે.

Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## Global Youth Development Index 2020

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | સિંગાપોર |
| 2 | સ્લોવેનિયા |
| 3 | નોર્વે |
| 4 | માલ્ટા |
| 5 | ડેનમાર્ક |
| 122 | ભારત |

## WEDNESDAY Questions

1. 10 ઓગસ્ટ, 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના'ના કેટલામાં તબક્કાનો પ્રારંભ કરાવ્યો છે ?
(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(B)**

2. ઉજ્જવલા– 2 યોજના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. ઉજ્જવલા– 2 યોજના હેઠળ સ્થળાંતર કરનારાઓને LPG સિલિન્ડર મેળવવા માટે રેશનકાર્ડ અથવા એડ્રેસ પ્રૂફ રજૂ કરવાની જરૂર રહેશે નહીં.
2. આ યોજના હેઠળ દરેક LPG જોડાણ માટે BPL પરિવારોને 1600 રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે.
3. ઉજ્જવલા 2.0 લાભાર્થીઓને પ્રથમ રિફિલ અને હોટપ્લેટ વિના મૂલ્યે આપવામાં આવશે.
યોગ્ય વિકલ્પ પંસદ કરો.
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2, અને 3 **(D)**

3. તાજેતરમાં 'અલ–મોહદ અલ–હિન્દી 2021' કવાયત અથવા યુધ્ધ અભ્યાસનું આયોજન કયા દેશ વચ્ચે કરવામાં આવ્યું હતું ?
(A) ભારત– સાઉદી અરેબિયા (B) ભારત– ઓમાન
(C) ભારત– ઈરાન (D) ભારત– ઈઝરાયલ **(A)**

4. ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે યુધ્ધ અભ્યાસ 'અલ– મોહદ અલ હિન્દી'માં ભારતના કયા જહાંજે ભાગ લીધો હતો ?
(A) INS ઈન્દોર (B) INS કોચી (C) INS ચેન્નાઈ (D) INS વિશાખાપટ્ટનમ **(B)**

5. Global Youth Development Index વિશ્વના કેટલા દેશોમાં યુવાઓની સ્થિતિને માપે છે ?
(A) 181 (B) 171 (C) 161 (D) 191 **(A)**

6. Global Youth Development Index 2020માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) નોર્વે (B) સુદાન (C) સિંગાપોર (D) સ્લોવેનિયા **(C)**

7. Global Youth Development Index 2020માં ભારત કેટલામાં ક્રમે રહ્યું છે ?
(A) 141માં (B) 122માં (C) 113માં (D) 108માં **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા: 12 ઓગસ્ટ, (1) વિશ્વ હાથિ દિવસ (World Elephant Day)
## (2) આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (International Youth Day)

### આંતરરાષ્ટ્રીય યુવા દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 12 ઓગસ્ટના રોજ 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 1999માં સંયુક્ત રાષ્ટ્રએ 12 ઓગસ્ટને આંતરરાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ હતું.
- ત્યારબાદ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 12 ઓગસ્ટ, 2000થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2021ની 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ'ની થીમ "Transforming Food Systems : Youth Innovation for Human and Planetary Health" છે.
- નોંધ : 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' દર વર્ષે 12 ઓગસ્ટના રોજ ઉજવાય છે. જ્યારે ભારતમાં શ્રી સ્વામી વિવેકાનંદનો જન્મદિન 12 જાન્યુઆરી 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે ઉજવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કોલકતામાં ડુરંડ કપની 130મી આવૃતિનું આયોજન કરવામાં આવશે.

વિશ્વની ત્રીજી સૌથી જૂની અને એશિયાની સૌથી જૂની ફૂટબોલ ટુર્નામેન્ટ ડુરંડ કપ કોલકતામાં 5 સપ્ટેમ્બર થી 21ઓક્ટોબર, 2021 સુધી યોજાશે.

- કોવિડ– 19 મહામારીના કારણે એક વર્ષ બાદ ડુરંડ કપનું આયોજન કરવામાં આવશે.
- આ ટુર્નામેન્ટનું આયોજન ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF), IFA (પશ્ચિમ બંગાળ) અને પશ્ચિમ બંગાળ સરકારના સહયોગથી કરવામાં આવશે.
- આ વર્ષે ડુરંડ કપની 130મી આવૃત્તિનું આયોજન થશે.
- ડુરંડ કપ પ્રતિષ્ઠિત ફૂટબોલ ટુર્નામેન્ટ છે. તે પ્રથમ વર્ષ 1988માં હિમાચલ પ્રદેશના દગશાઈમાં યોજાયો હતો.
- આ ટુર્નામેન્ટનું નામ શ્રી મોર્ટિમર ડુરંડ (Mortimar Durand)ના નામ પરથી રાખવામાં આવ્યું છે. તેઓ ભારતના પૂર્વ વિદેશી મંત્રી હતા.

## સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) સુધારા બિલ, 2021

તાજેતરમાં સંસદના બંને ગૃહો દ્વારા 'સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) સુધારા બિલ, 2021' પસાર કરવામાં આવ્યું હતું.

- આ માટે 'સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) અધિનિયમ, 1972'માં સુધારો કરવામાં આવ્યો છે.

## મુખ્ય જોગવાઈઓ

આ બિલમાં ઉલ્લેખિત સરકારી શેરહોલ્ડિંગ હેઠળ ચોક્કસ વીમાદાતા માટે 51 ટકાથી ઓછી ઈક્વિટી મૂડી ધરાવવાની કેન્દ્ર સરકારની ફરજિયાત જરૂરિયાતને દૂર કરવામાં આવી છે.

- આ અધિનિયમમાં સામાન્ય વીમા વ્યવસાયની વ્યાખ્યામાં ફેરફાર કરવામાં આવ્યો છે, આ અંતર્ગત :

  (a) આ અધિનિયમ સામાન્ય વીમા વ્યવસાયને આગ, દરિયાઈ અથવા પરચુરણ વીમા વ્યવસાય તરીકે વ્યાખ્યાયિત કરે છે.

  (1) કેપિટલ રિડેમ્શન વીમામાં લાભાર્થી સમયાંતરે પ્રીમિયમ ચુકવે પછી વીમાદાતા દ્વારા ચોક્કસ તારીખે નાણાંની રકમ ચૂકવવાનો સમાવેશ થાય છે.

  (2) વાર્ષિક નીતિ હેઠળ વીમાદાતા લાભાર્થીઓને અમુક સમયગાળા દરમિયાન ચુકવણી કરે છે.

  (b) આ વ્યાખ્યા અમુક વ્યવસાયને મૂડિ મુક્તિ અને વાર્ષિક લેણદેણની સ્થિતિમાં બાકાત રાખે છે.
- આ બિલમાં જોગવાઈ કરવામાં અવી છે કે જે તારીખથી કેન્દ્ર સરકાર વીમાદાતાનું નિયંત્રણ છોડી દે છે તે તારીખથી નિર્દિષ્ટ વીમા કંપનીઓને આ કાયદો લાગુ પડશે નહીં.
- નિયંત્રણનો અર્થ આ મુજબ છે :

  (a) નિર્દિષ્ટ વીમા કંપનીના બહુમતી ડિરેક્ટરોની નિમણૂક કરવાની સત્તા, અથવા

  (b) તેના સંચાલન અથવા નીતિના નિર્ણયો પર સત્તા ધરાવે છે.
- આ બિલ અથવા અધિનિયમ કેન્દ્ર સરકારને નિર્દિષ્ટ વીમા કંપનીઓના કર્મચારીઓની સેવાના નિયમો અને શરતો સૂચિત કરવાની સત્તા આપે છે.
- આ બિલ પૂરું પાડે છે કે આ બાબતે કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલી યોજનાઓ વીમાદાતા દ્વારા અપનાવવામાં આવી હોવાનું માનવામાં આવશે.
- વીમા કંપનીનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ આ યોજનાઓને બદલી શકે છે અથવા નવી નીતિઓ ઘડી શકે છે.
- વધુમાં આવી યોજનાઓ (અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલી) હેઠળ કેન્દ્ર સરકારની સત્તા વીમા કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ટ્રાન્સફર કરવામાં આવશે.
- ડિરેક્ટરોની જવાબદારીઓ : બિલ સ્પષ્ટ કરે છે કે ચોક્કસ વીમા કંપનીના ડિરેક્ટર જે સંપૂર્ણ સમયના ડિરેક્ટર નથી તે માત્ર અમુક કાર્યો માટે જવાબદાર રહેશે જેમાં નીચેની બાબતનો સમાવેશ થાય છે.

  (1) બોર્ડ તેની વિવેકબુધ્ધીથી, પ્રક્રિયાઓ દ્વારા જવાબદાર રહેશે.

  (2) તેની સંમતિ અથવા અસંમતિ સાથે અથવા જ્યા તેમણે ખંતપૂર્વક કામ કર્યુ ન હતું.

## આ બિલનું મહત્વ

તે સામાન્ય વ્યવસાયમાં વધુ ખાનગી મૂડી લાવશે અને ગ્રાહકોને વધુ ઉત્પાદનો પ્રદાન કરવા માટે તેની પહોંચમાં સુધારો કરશે.

- ખાનગી ભાગીદારી અને કાર્યક્ષમતા વધારવા માટે વધુ ક્ષેત્રો ખોલવાની સરકારની વ્યૂહરચનાનો આ ભાગ છે.
- તે પોલિસીધારકોના હિતોને વધુ સારી રીતે સુરક્ષિત કરવા અને અર્થતંત્રના ઝડપી વિકાસમાં યોગદાન આપવા માટે વીમા પ્રવેશ અને સામાજિક સુરક્ષાને વધારશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વૃધ્ધો માટે જીવન ગુણવત્તા સૂચકાંક

તાજેતરમાં 'પ્રધાનમંત્રી આર્થિક સલાહકાર પરિષદ' (EAC-PM)એ વૃધ્ધો માટે જીવનની ગુણવત્તા ઈન્ડેક્સ બહાર પાડ્યો હતો.

- આ ઈન્ડેક્સ મુજબ દેશમાં કુલ વસતીની ટકાવારી તરીકે વૃધ્ધોનો હિસ્સો 2001માં લગભગ 7.5 ટકા હતો, જે વર્ષ 2026 સુધીમાં વધીને 12.5 ટકા થઈ જશે. અને વર્ષ 2050 સુધીમાં 19.5 ટકાથી વધી જવાની ધારણા છે.
- આ રિપોર્ટ ભારતીય રાજ્યોમાં વૃધ્ધત્વની પ્રાદેશિક પેટર્નને ઓળખે છે. તેમજ દેશમાં વૃધ્ધત્વની એકંદર સ્થિતિનું મૂલ્યાંકન કરે છે.
- આ ઈન્ડેક્સના માળખામાં ચાર સ્તંભોનો સમાવેશ થાય છે : નાણાકીય સુખાકારી, સમાજ કલ્યાણ, આરોગ્ય વ્યવસ્થા અને આવક સુરક્ષા.
- આ ઈન્ડેક્સમાં આઠ પેટા ઉપ–સ્તંભનો પણ સમાવેશ થાય છે : આર્થિક સશક્તિકરણ, શૈક્ષણિક પ્રાપ્તિ અને રોજગાર, સામાજિક સ્થિતિ, શારીરિક સરક્ષા, મૂળભૂત આરોગ્ય, મનોવૈજ્ઞાનિક સુખાકારી, સામાજિક સુરક્ષા અને સક્ષમ પર્યાવરણ.
- આ ઈન્ડેક્સમાં ભારતમાં વૃધ્ધ વસતીની જરૂરિયાતો અને તકો સમજવાની રીતને વિસ્તૃત કરે છે.

### રેન્કિંગ

રાજસ્થાન અને હિમાચલ પ્રદેશ અનુક્રમે વૃધ્ધ અને પ્રમાણમાં વૃધ્ધ રાજ્યોમાં ટોચના સ્કોરિંગ પ્રદેશો છે.

- વૃધ્ધ રાજ્ય 5 મિલિયનથી વધુ વૃધ્ધ વસતી ધરાવતા રાજ્યનો ઉલ્લેખ કરે છે, જ્યારે પ્રમાણમાં વૃધ્ધ રાજ્યો 5 મિલિયનથી ઓછી વસતીવાળા રાજ્યોનો સંદર્ભ આપે છે.
- કેન્દ્રશાસિત પ્રદેશ અને ઉત્તર–પૂર્વ રાજ્યોની શ્રેણીમાં ચંદીગઢ અને મિઝોરમ ટોચના સ્કોરિંગ પ્રદેશો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### સ્તંભવાર પ્રદર્શન

આરોગ્ય પ્રણાલી સ્તંભમાં સમગ્ર ભારત સ્તરે સૌથી વધુ રાષ્ટ્રીય સરેરાશ 66.97 છે.

- ત્યારબાદ સામાજિક કલ્યાણ સ્તંભમાં રાષ્ટ્રીય સરેરાશ 62.34 છે.
- ત્રીજા સ્થાને 44.7ની રાષ્ટ્રીય સરેરાશ સાથે નાણાકીય સુખાકારી સ્તંભ છે.
- આવક સુરક્ષા સ્તરમાં રાજ્યોએ ખાસ કરીને નબળુ પ્રદર્શન કર્યુ છે. કારણકે અડધાથી વધુ રાજ્યો આવક સુરક્ષામાં રાષ્ટ્રીય સરેરાશથી નીચે સ્કોર કરે છે, જે તમામ સ્તંભોમાં સૌથી નીચો છે.

### આર્થિક સલાહકાર પરિષદ (EAC)

આર્થિક સલાહકાર પરિષદ(Economic Advisory Council)એ ગેર–બંધારણીય, ગેર–વૈધાનિક, અસ્થાયી અને સ્વતંત્ર સંસ્થા છે.

- તેનું ગઠન પ્રધાનમંત્રીને મહત્ત્વપૂર્ણ આર્થિક સલાહ આપવાના હેતુથી કરવામાં આવે છે.
- પ્રધાનમંત્રી દ્વારા કોઈ સંદર્ભ આપવામાં આવે અથવા ફુગાવો, કુલ આંતરિક પેદાશ (GDP)માં પરિવર્તન, નિકાસ –આયાતમાં પરિવર્તન, વેપાર અને વાણિજ્યક માટે સહાયક વાતાવરણ બનાવવું વગેરે જેવી આર્થિક બાબતો પર પ્રધાનમંત્રીને સલાહ આપવાનું કાર્ય કરે છે.
- વર્ષ 2017માં પ્રધાનમંત્રી દ્વારા શ્રી વિવેક દેબ્રોયની અધ્યક્ષતામાં આર્થિક સલાહકાર પરિષદની રચના કરી હતી.

1. 'વિશ્વ હાથી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 ઓગસ્ટ (B) 11 ઓગસ્ટ (C) 12 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ (C)

2. 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 ઓગસ્ટ (B) 11 ઓગસ્ટ (C) 12 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ (C)

3. ભારતમાં 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 જાન્યુઆરી (B) 12 ફેબ્રુઆરી (C) 12 જૂન (D) 12 જુલાઈ (A)

4. કયા સ્થળે ડુરંડ કપની 130મી આવૃતિનું આયોજન કરવામાં આવશે ?

(A) ચેન્નાઈ (B) કોલકતા (C) મુંબઈ (D) ઈન્દોર (B)

5. તાજેતરમાં સંસદના બંને ગૃહ દ્વારા 'સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) સુધારા બિલ, 2021' પસાર કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત કયા બિલમાં સુધારો કરવામાં આવ્યો છે ?

(A) સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) અધિનિયમ, 1972

(B) સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) અધિનિયમ, 1968

(C) સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) અધિનિયમ, 1965

(D) સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) અધિનિયમ, 1961 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

6. તાજેતરમાં 'વૃધ્ધો માટે જીવન ગુણવત્તા' નામનો એક સૂચકાંક બહાર પાડ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ સૂચકાંક 'પ્રધાનમંત્રી આર્થિક સલાહકાર પરિષદ' દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.

2. આ રિપોર્ટ ભારતીય રાજ્યોમાં વૃધ્ધત્વની પ્રાદેશિક પેટર્નને ઓળખે છે. તેમજ દેશમાં વૃધ્ધત્વની એકંદર સ્થિતિનું મૂલ્યાંકન કરે છે.

3. આ ઈન્ડેક્સ મુજબ રાજસ્થાન અને હિમાચલ પ્રદેશ અનુક્રમે વૃધ્ધ અને પ્રમાણમાં વૃધ્ધ રાજ્યોમાં ટોચના સ્કોરિંગ પ્રદેશો છે.

4. આ ઈન્ડેક્સમાં સૌથી છેલ્લા ક્રમે મહારાષ્ટ્ર છે.

(A) ફક્ત 1, 3 અને 4 (B) 1, 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 1, 2 અને 4 (C)

## Constitutional (127th) Amendment Bill, 2021

તાજેતરમાં સંસદના બંને ગૃહમાંથી OBC (અન્ય પછાત વર્ગ) સંબંધિત 'બંધારણ (127મું સંશોધન) બિલ, 2021' પસાર કરવામાં આવ્યું હતું.

- આ બિલ કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીકતા મંત્રી શ્રી વીરેન્દ્ર કુમાર ખટીકે આ બિલ રજૂ કર્યુ હતું. (સરકારી બીલ)
- OBC અનામત માટેનું આ બંધારણીય સુધારા બિલ પસાર થતા હવે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને અન્ય પછાત વર્ગ (OBC)ની યાદી તૈયાર કરવાનો અધિકાર મળશે.
- થોડા સમય પહેલા મહારાષ્ટ્ર રાજ્ય સરકાર દ્વારા મરાઠા સમુદાયને 'સામાજિક અને આર્થિક રીતે પછાત' (OBC) વર્ગ જાહેર કરવામાં આવ્યો હતો.
- જેના સંબંધમાં વિવિધ અરજીઓ સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી હતી.
- 5 મે, 2021ના રોજ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે OBC લિસ્ટ તૈયાર કરવાનો ફક્ત કેન્દ્ર સરકારને જ અધિકાર છે, રાજ્ય સરકારને નહીં.
- આ ચુકાદા અંતર્ગત સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સરકારના મરાઠા સમુદાયને અલગ અનામત આપવાના નિર્ણયને રદ્દ કર્યો હતો.
- સુપ્રીમ કોર્ટે 102માં બંધારણીય સુધારાને ધ્યાનમાં રાખીને આ ચુકાદો આપ્યો હતો.
- સુપ્રીમ કોર્ટે એ પણ જણાવ્યું હતું કે 'નેશનલ કમિશન ફોર બેકવર્ડ કલાસિસ' (NCBC)ની ભલામણો પર રાષ્ટ્રપતિ નક્કી કરશે કે કયા સમુદાયોને રાજ્ય OBC યાદીમાં સમાવેશ કરવામાં આવે.

### બિલ લોકસભામાં

- 10 ઓગસ્ટ, 2021ના રોજ આ બિલ 385 વિરુધ્ધ 0 મતોથી લોકસભામાંથી પસાર થયું હતું.

### બિલ રાજ્યસભામાં

- લોકસભામાંથી આ બિલ પસાર થયા બાદ 11 ઓગસ્ટ, 2021ના રોજ 187 વિરુધ્ધ 0 મતોથી રાજ્યસભામાંથી પણ પસાર થયું હતું.

### બિલની મહત્વની જોગવાઈ

- 127માં બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા અનુચ્છેદ 342 (A)(1) અને 342 (A)(2)માં સુધારો કરવામાં આવ્યો છે તથા અધિનિયમમાં નવો અનુચ્છેદ 342 (A)(3) પણ ઉમેરવામાં આવ્યો છે.
- અનુચ્છેદ– 342 (A) (3) હેઠળ રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને OBCની યાદી તૈયાર કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.
- આ ઉપરાંત અનુચ્છેદ– 366 (26c) અને 338 (B)(9)માં પણ સુધારો કરવામાં આવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- <u>અનુચ્છેદ 366 (26c)</u> સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને વ્યાખ્યાયિત કરે છે.
- આ સુધારા હેઠળ નવીનતમ <u>'રાજ્યયાદી'</u> રાષ્ટ્રપતિના કાર્યક્ષેત્રમાંથી સંપૂર્ણપણે બહાર કાઢવામાં આવશે અને રાજ્ય વિધાનસભા દ્વારા તેને સૂચિત કરવામાં આવશે.
- નોંધ : (1) વર્ષ 2018માં <u>102માં</u> બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા ભારતીય બંધારણમાં બે નવા અનુચ્છેદ– 338 (B) અને 342 (A) ઉમેરવામાં આવ્યા હતા.

  (2) <u>અનુચ્છેદ– 338 (A)</u>માં અન્ય પછાત વર્ગો (OBC) માટે રાષ્ટ્રીય આયોગની રચનાની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે અનુચ્છેદ 342 (A)માં રાજ્યોમાં અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને નિયુક્ત કરવાની સત્તા આપવામાં આવી છે.

  (3) ભારતમાં કેન્દ્ર અને રાજ્ય દ્વારા અલગ–અલગ OBC યાદીઓ તૈયાર કરવામાં આવે છે. <u>અનુચ્છેદ 15 (4), 15 (5) અને 16 (4)</u> રાજ્યને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની સૂચિને ઓળખવા અને જાહેર કરવા માટે સ્પષ્ટ રીતે સત્તા આપે છે.

  (4) હવે આ બિલને મંજૂરી માટે રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવશે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ ભારતના બંધારણમાં <u>105મો</u> સુધારો થશે.

## 105મો બંધારણીય સુધારો કે 127મો બંધારણીય સુધારો ???

કેટલાક નવા વિદ્યાર્થીઓને અહીં પ્રશ્ન થાય કે '<u>બંધારણ (127મું સંશોધન) બિલ, 2021</u>'ને મંજૂરી મળે તો 127મો સુધારો ન થાય ? તો તેનો જવાબ એ છે કે ભારતના બંધારણમાં સંશોધન માટે ભારતની સંસદમાં અત્યાર સુધીમાં 127 બિલ રજૂ થયા છે. તેમાંથી કેટલાક બિલને મંજૂરી મળી છે, કેટલાકને મંજૂરી મળી નથી.

- આથી, જો બિલને મંજૂરી મળે તો જ બંધારણમાં સુધારો થાય આ રીતે ભારતના બંધારણમાં અત્યાર સુધીમાં 104 સુધારા થયા છે.
- હવે જો આ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળશે તો બંધારણમાં <u>105મો</u> સુધારો થશે.

## ભારતમાં વર્તમાન અનામતની સ્થિતિ

| ક્રમ | વર્ગ | અનામતનું પ્રમાણ |
|---|---|---|
| 1 | અનુસૂચિત જાતિ (SC) | 15% |
| 2 | અનુસૂચિત જનજાતિ (ST) | 7.5% |
| 3 | અન્ય પછાત વર્ગો (OBC) | 27% |
| 4 | બિન અનામત વર્ગો (EWS) | 10% |
| | કુલ | 59.5% |

## બંધારણીય સુધારાની પ્રક્રિયાઓ

ભારતીય બંધારણના ભાગ– 20માં અનુચ્છેદ– 368 અંતર્ગત બંધારણમાં સુધારો કરવાની પ્રક્રિયાઓ આપવામાં આવી છે.

- અનુચ્છેદ– 368 (1) : સંસદ બંધારણની કોઈ જોગવાઈ રદ કરી શકે અથવા તેમાં સુધારો કે પરિવર્તન કરી શકે છે.
- અનુચ્છેદ– 368 (2) : બંધારણીય સુધારા ખરડાને માન્યતા આપવી રાષ્ટ્રપતિ માટે ફરજિયાત છે. (24મો બંધારણીય સુધારો, 1971)
- અનુચ્છેદ– 368 (3) : અનુચ્છેદ– 13(મૂળભૂત અધિકારો સાથે વિરુધ્ધ કાયદાઓ)ની બાબત આ અનુચ્છેદ અંતર્ગતના કોઈ સુધારા પર લાગુ નહીં પડે અર્થાત 'બંધારણીય સુધારો' નો કાયદાની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી.
- ઔપચારિક રીતે બંધારણમાં ત્રણ પ્રકારે સુધારો કરી શકાય છે :

(a) સામાન્ય બહુમતિ દ્વારા

(b) વિશિષ્ટ બહુમતિ દ્વારા

- (C) સંસદની બહુમતિ ઉપરાંત ઓછામાં ઓછા અડધા રાજ્યોની વિધાનમંડળ દ્વારા સમર્થન

**(a) સામાન્ય બહુમતી દ્વારા (Simple Majority) :**

– બંધારણમાં સુધારો કરવા માટેની આ સૌથી સરળ પ્રક્રિયા છે.

– સામાન્ય બહુમતિ એટલે ગૃહમાં હાજર રહીને મતદાન કરતા સભ્યોના અડધાથી વધુ (50% કરતા વધુ) સભ્યોનું સમર્થન.

નોંધ : સામાન્ય બહુમતિ દ્વારા બંધારણીય સુધારો એ અનુચ્છેદ– 368 અંતર્ગતનો બંધારણીય સુધારો માનવામાં આવતો નથી. અર્થાત્ આ પ્રકારના સુધારાને કોઈ બંધારણીય સુધારા ક્રમ પ્રાપ્ત થતો નથી.

**(b) વિશિષ્ટ બહુમતિ દ્વારા (Special Majority) :**

– વિશિષ્ટ બહુમતિ એટલે......

(1) ગૃહની કુલ સભ્ય સંખ્યાની બહુમત (50% કરતા વધુ) દ્વારા સમર્થન

(2) ગૃહમાં 'હાજર રહી અને મતદાન કરતા' સભ્યોમાંથી ઓછામાં ઓછા 2/3 સભ્યોનું સમર્થન હોવું જોઈએ.

– આ પ્રકારના સુધારાને બંધારણીય સુધારા ક્રમ પ્રાપ્ત થાય છે.

નોંધ : 'હાજર રહી અને મતદાન કરતા સભ્યો'નો અર્થ એ થાય કે ઘણા સભ્યો ગૃહની કાર્યવાહીમાં હાજર હોય પરંતુ મતદાન કરતા નથી તો આવા સભ્યોને બહુમતીમાં ગણવામાં આવતા નથી.

**(c) સંસદની વિશિષ્ટ બહુમતિ ઉપરાંત ઓછામાં ઓછા અડધા રાજ્યોની વિધાનમંડળના સમર્થન દ્વારા**

– બંધારણમાં સુધારો કરવા માટેની આ સૌથી કઠિન પ્રક્રિયા છે. જેનો સંબંધ ભારતના સમવાયતંત્રી માળખામાં ફેરફાર સાથે છે.

– અનુચ્છેદ– 368 (2)માં જોગવાઈ કરવામાં આવી છે કે આ પ્રકારે બંધારણીય સુધારો કરવા માટે,

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(1) ખરડો સંસદના બંને ગૃહમાંથી વિશિષ્ટ બહુમતિ દ્વારા પસાર થવો આવશ્યક છે.

(2) આ ઉપરાંત ખરડો બંને ગૃહમાંથી પસાર થયા બાદ ઓછામાં ઓછા અડધા રાજ્યોના વિધાનમંડળ (એક ગૃહ હોય તો વિધાનસભા) દ્વારા તે ખરડા અંગેનો ઠરાવ પસાર કરી સમર્થન આપવું આવશ્યક છે.

નોંધ : 15 રાજ્યોનું સમર્થન મળ્યાબાદ બીજા રાજ્યો સમર્થન ન આપે તો પણ ખરડો પસાર થયો ગણાય છે.

### બંધારણીય સુધારા પ્રક્રિયા

બંધારણીય સુધારા ખરડો

↓

સંસદના કોઈપણ ગૃહમાં કોઈપણ સદસ્ય દ્વારા રજૂ કરી શકાય → રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીની જરૂર નથી

↓

પ્રથમ ગૃહમાં વિશિષ્ટ બહુમતી મળ્યા બાદ,
બીજા ગૃહમા વિશિષ્ટ બહુમતિથી પસાર કરવો

↓

રાષ્ટ્રપીતની મંજૂરી માટે મોકલવો → રાષ્ટ્રપતિએ સહી કરી સ્વીકૃતિ આપવી ફરજિયાત છે.

## GSLV-F10 નિષ્ફળતા : ISROનું 'EOS-03'ઉપગ્રહ મિશન

તાજેતરમાં ISROનું GISAT- 1 અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ (EOS- 03)ને GSLV (GSLV- F10) રોકેટ દ્વારા ભ્રમણકક્ષામાં મૂકવાનું મિશન નિષ્ફળ રહ્યું છે.

- EOS- 03 ઉપગ્રહ 12 ઓગસ્ટના રોજ સવારે લોન્ચ કરવામાં અવ્યો હતો.
- GSLV રોકેટના પ્રથમ અને બીજા ચરણના તબક્કા સામાન્ય રહ્યા હતા.
- ત્યારબાદ રોકેટના ક્રાયોજેનિક એન્જિનમાં તકનીકી ખામીના કારણે ઉપગ્રહને યોગ્ય ભ્રમણ કક્ષામાં મૂકવામાં નિષ્ફળ રહ્યું હતું.

### GISAT- 1 અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ (EOS)

GISATનું પૂરું નામ 'Geo Imaging Satellite' છે.



- આ સેટેલાઈટ નિયમિત અંતરે મોટા ભૌગલિક વિસ્તારની તસ્વીરો લેવામાં સક્ષમ હતો.
- આ તસ્વીરોનો ઉપયોગ કુદરતી આફતો જેવી કે પૂર અને ચક્રવાત, જળાશયો, પાક, વનસ્પતિ અને વન આવરણ પર નજર રાખવા માટે કરી શકાય છે.

નોંધ : (1) નવેમ્બર– 2020માં ISROએ EOS- 01 ઉપગ્રહ લોન્ચ કર્યો હતો.

(2) પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ અથવા અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ દૂરસ્થ સંવેદના તકનીક થી સજ્જ ઉપગ્રહો છે, જે પૃથ્વીની ભૈતિક, રાસાયણિક અને જૈવિક પ્રણાલીઓ વિશે માહિતી એકત્રિત કરે છે.

## FRIDAY Questions

1. 'બંધારણ (127મું સંશોધન) બિલ, 2021' સંસદમાં કોણે રજૂ કર્યું હતું ?

(A) શ્રી નીતિન ગડકરી (B) શ્રી વીરેન્દ્ર કુમાર (C) શ્રી અમિત શાહ (D) શ્રી અનુરાગ ઠાકુર **(B)**

2. 'બંધારણ (127મું સંશોધન) બિલ, 2021' નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે ?

(A) OBC (B) NEETS (C) લદ્દાખ (D) રાજભાષા **(A)**

3. 'બંધારણ (127મું સંશોધન) બિલ, 2021' લોકસભામાં કેટલા મતોથી પસાર થયું હતું ?

(A) 385 વિરુધ્ધ 0 (B) 385 વિરુધ્ધ 45 (C) 385 વિરુધ્ધ 21 (D) 385 વિરુધ્ધ 51 **(A)**

4. 'બંધારણ (127મું સંશોધન) બિલ, 2021' રાજ્યસભામાં કેટલા મતોથી પસાર થયું હતું ?

(A) 385 વિરુધ્ધ 0 (B) 385 વિરુધ્ધ 41 (C) 187 વિરુધ્ધ 0 (D) 187 વિરુધ્ધ 51 **(C)**

5. 'બંધારણ (127મું સંશોધન) બિલ, 2021' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ અધિનિયમ દ્વારા અનુચ્છેદ 342 (A) (1) અને 342 (A) (2)માં સુધારો કરવામાં આવ્યો છે.

2. આ અધિનિયમમાં અનુચ્છેદ 342 (A) (3)નામનો નવો અનુચ્છેદ ઉમેરવામાં આવ્યો છે.

3. અનુચ્છેદ 342 (A) (3) હેઠળ રાજ્ય સરકાર અને કેન્દ્ર રકારને OBCની યાદી તૈયાર કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

4. આ અધિનિયમ અંતર્ગત અનુચ્છેદ 366 (26C) અને 338 (B) (9)માં પણ સુધારો કરવામાં આવ્યો છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1 અને 2 **(A)**

6. તાજેતરમાં ISROનું 'GISAT- 1 EOS-3'ઉપગ્રહ લોન્ચ કરવાનું મિશન નિષ્ફળ રહ્યું છે. તેને કયા રોકેટ દ્વારા અંતરીક્ષમાં લઈ જવામાં આવ્યો હતો ?

(A) GSLV- V10 (B) GSLV- F10 (C) GSLV- G10 (D) GSLV- P10 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના પ્લેટફોર્મથી 'નેશનલ વ્હીકલ સ્ક્રેપિંગ પોલિસી' લોન્ચ કરી



Vehicle Scrappage Policy India 2021

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 13 ઓગસ્ટ, 2021ના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રોકાણકારસમિટને સંબોધતી વખતે 'નેશનલ વ્હીકલ સ્ક્રેપિંગ પોલિસી' (National Vehicle Scrappage Policy) લોન્ચ કરી છે.

- આ સમિટના આયોજનનો મુખ્ય ઉદ્દેશ વાહન સ્ક્રેપિંગ પોલિસી હેઠળ વાહન સ્ક્રેપિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના માટે રોકાણને પ્રોત્સાહિત કરવાનો છે.
- નેશનલ વ્હીકલ સ્ક્રેજ પોલિસીને 'સ્વૈચ્છિક વાહન ફ્લટ આધુનિકીકરણ કાર્યક્રમ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- કેન્દ્ર સરકાર દ્વારા માર્ચ 2021માં વાહન સ્ક્રેપિંગ નીતિ જાહેર કરવામાં આવી હતી.
- આ પોલીસીનું મુખ્ય લક્ષ્ય વાયુ પ્રદૂષકો તથા રસ્તા અને વાહનોની સલામતી સુધારવા માટે જૂના અને ક્ષતિગ્રસ્ત વાહનોની સંખ્યા ઘટાડવાનો છે.

### નેશનલ વ્હીકલ સ્ક્રેપેજ પોલિસી

**ફિટનેસ ટેસ્ટ :**

- જૂના વાહનોએ ફરીથી નોંધણી પહેલા ફિટનેસ ટેસ્ટ પાસ કરવી પડશે અને પોલિસી મુજબ 15 વર્ષથી જૂના સરકારી વ્યાપારી વાહનો અને 20 વર્ષથી વધુ જૂના ખાનગી વાહનો રદ્દ કરવામાં આવશે.
- અધિકૃત ઓટોમેટેડ ફિટનેસ સેન્ટરમાં જૂના વાહનોનું પરીક્ષણ કરવામાં આવશે અને માત્ર વયના આધારે તેને રદ્દ કરવામાં આવશે નહીં.
- આ અંતર્ગત ઉત્સર્જન પરીક્ષણ, બ્રેકિંગ સિસ્ટમ, અને સલામતિ ઘટકો તપાસવામાં આવશે તથા ફિટનેસ પરીક્ષણમાં નિષ્ફળ જતા વાહનોને નકારવામાં આવશે.

**રોડ ટેક્સ :**

- રાજ્ય સરકારોને સલાહ આપવામાં આવી છે કે નવા પર્સનલ વ્હીકલ ખરીદવાથી રોડ ટેક્સમાં 25%ની છૂટ આપવામાં આવશે, જ્યારે કોમર્શિયલ વ્હીકલ ખરીદનારને રોડ ટેક્સમાંથી 15%ની છૂટ આપવામાં આવશે.

**વાહન ડિસ્કાઉન્ટ :**

- વ્હીકલ સ્ક્રેપ થયા પછી તેના માલિકને એક સર્ટિફિકેટ આપવામાં આવશે.
- આ સર્ટિફિકેટ નવું વાહન ખરીદતી વખતે દર્શાવવું પડશે જેથી તેમને 5 ટકા વધારાનું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. આ ઉપરાંત નવું વાહન ખરીદવા પર નોંધણી ફી માફ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**પોલિસીના લાભો :**

- આ પોલિસીમાં ઘણા આર્થિક અને પર્યાવરણીય લાભો છે. તે પર્યાવરણને અનુકૂળ રીતે જૂના વાહનોને આધુનિક બનાવવા અને દૂર કરવામાં મોટી ભૂમિકા ભજવશે.
- ગતિશીલતામાં આધુનિકતાની આ પોલિસી મુસાફરી અને પરિવહનનો ભાર ઘટાડશે.
- તે ઓટો સેક્ટર અને મેટલ સેક્ટરમાં ભારતની આત્મનિર્ભરતાને પણ પ્રોત્સાહન આપશે.
- કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીના જણાવ્યા અનુસાર હાલમાં ભારતમાં 10 કરોડ કાર માન્ય ફિટનેસ પરિમાણો વગર છે, જે પ્રદૂષણમાં વધારો કરે છે. આમ જુના વાહનો બદલવાથી પર્યાવરણને સકારાત્મક લાભ થશે.
- આ ઉપરાંત તેનાથી લગભગ 50,000 પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીઓ ઉભી થશે.

## ભારતની ચાર નવી રામસર સાઈટ

રામસર સાઈટમાં ભારતની નવી ચાર આદ્રભૂમિનો સમાવેશ કરવામાં આવ્યો છે. તથા રામસર સંમેલન હેઠળ આંતરરાષ્ટ્રીય મહત્વની આદ્રભૂમિ (Wetlands) તરીકે માન્યતા પ્રાપ્ત થઈ છે.

| નવી રામસર સાઈટ | | |
|---|---|---|
| ક્રમ | સાઈટ | રાજ્ય |
| 1 | થોળ | ગુજરાત |
| 2 | વઢવાણા (ડભોઈ પાસેનું) | ગુજરાત |
| 3 | સુલતાનપુર | હરિયાણા |
| 4 | ભિંડવા | હરિયાણા |

- પર્યાવરણની દષ્ટિએ ખૂબ જ વિશિષ્ટ હોય એવા ભેજવાળા સ્થળોને રામસર આંતરરાષ્ટ્રીય સંધિ પ્રમાણે સંરક્ષણ આપવામાં આવે છે. તથા દર વર્ષે તેમાં નવા સ્થળો ઉમેરવામાં આવે છે.
- વડોદરાના ડભોઈમાં આવેલા વઢવાણા તળાવમાં શિયાળામાં વિદેશી પક્ષીઓ મોટી સંખ્યામાં આવે છે. જે મોટા ભાગે મધ્ય એશિયાના દેશોમાંથી આવે છે.
- વઢવાણામાં થયેલી 29મી પક્ષી ગણનામાં 133 પ્રજાતિઓના અંદાજિત 62,570 જેટલા પક્ષીઓ નોંધાયા હતા.
- થોળ મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં આવેલું છે તેને એક સંરક્ષિત વિસ્તાર તરીકે પક્ષીઓ માટેના અભ્યારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો છે.
- શિયાળાની ઋતુ દરમિયાન દેશ અને વિદેશના ઘણા પક્ષીઓ અહીં આવે છે.
- ભિંડવા હરિયાણાની સૌથી મોટી આદ્રભૂમિ ગણાય છે.
- હરિયાણાનું સુલતાનપુર પક્ષી અભયારણ્ય પ્રવાસી પક્ષીઓનું આશ્રય સ્થાન છે.

**આદ્રભૂમિ**

આદ્રભૂમિ એવો દલદલીય તથા પાણીવાળો ક્ષેત્ર છે જ્યાં સમગ્ર વર્ષ કે વર્ષના કોઈ એક ભાગ દરમિયાન પ્રાકૃતિક કે કૃત્રિમ રીતે, શાંત કે વહેતું પાણી, ખારુ કે મીઠુ પાણી, સમુદ્ર કે ગૈરસમુદ્રી જેવા જળ જમાવ જેવા ક્ષેત્ર જેની ઊંડાઈ 6 મીટરથી વધુ ન હોય.

## આર્દ્રભૂમિઓની વિશેષતા

આ જીવજંતુ, કીટકો તથા વનસ્પતિની દુર્લભ પ્રજાતિનું નિવાસસ્થાન છે.

- આ ક્ષેત્ર પોષકતત્વોનું પુનઃનિર્માણ તથા ઝેરીલા તત્વોને નિષ્ક્રિય કરે છે તેથી તેને પ્રાકૃતિની કિડની પણ કહે છે.
- વર્ષ 1971માં આર્દ્રભૂમિના સંરક્ષણ માટે ઈરાનમાં એક બહુપક્ષીય સમજૂતિ થઈ જેને રામસર સંમેલનના નામથી ઓળખવામાં આવે છે.
- ભારત આ સંમેલનમાં વર્ષ 1982માં સમાવિસ્ટ થયું હતું.

નોંધ : (1) આ ચાર નવી સાઈટની સાથે ભારતમાં કુલ 46 રામસર સાઈટ આવેલી છે.

(2) 2 ફેબ્રુઆરીના રોજ 'World Wetlands Day' ઉજવવામાં આવે છે.

## 69 અધિકારીઓ માટે પ્રધાનમંત્રી શ્રમ પુરસ્કાર એવોર્ડ

તાજેતરમાં ભારત સરકારે વર્ષ 2018 માટે તેમના કાર્યમાં નવીનતા માટે 69 અધિકારીઓને 'પ્રધાનમંત્રી શ્રમ પુરસ્કાર' (PMSA) આપવાની જાહેરાત કરી છે.

- આ પુરસ્કારો કેન્દ્ર અને રાજ્ય સરકારોના વિભાગીય ઉપક્રમો અને જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં કામ કરતા 69 અધિકારીઓને તેમજ 500 કે તેથી વધુ કામદારોને રોજગારી આપતા ખાનગી ક્ષેત્રના એકમોને આપવામાં આવશે.
- નવીનતા ક્ષમતાઓ, વિશિષ્ટ પ્રદર્શન અને ઉત્પાદકતા તેમજ અસાધારણ હિંમતના પ્રદર્શનમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે પુરસ્કારો આપવામાં આવશે.

## PMSAની ત્રણ શ્રેણીઓ

આ વર્ષ પ્રધાનમંત્રી શ્રમ પુરસ્કાર એવોર્ડ (PMSA) ત્રણ કેટેગરીમાં આપવામાં આવશે :

(1) **શ્રમ ભૂષણ પુરસ્કાર :**

આ એવોર્ડ અંતર્ગત 1,00,000 રૂા.નું રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(2) **શ્રમ વીર અથવા શ્રમ વીરંગના પુરસ્કાર :**

આ એવોર્ડ અંતર્ગત 60,000 રૂા.નું રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(3) **શ્રમ શ્રી અથવા શ્રમદેવી પુરસ્કાર :**

આ એવોર્ડ અંતર્ગત 40,000 રૂા.નું રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

નોંધ : 'પ્રધાનમંત્રી શ્રમ પુરસ્કાર' એવોર્ડની સ્થાપના વર્ષ 1985માં કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 13 ઓગસ્ટ, 2021ના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે કોણે 'રાષ્ટ્રીય વ્હીકલ સ્ક્રેપિંગ પોલિસી' લોન્ચ કરી છે ?

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી નિતિનભાઈ પટેલ
(C) શ્રી અમિતભાઈ શાહ (D) શ્રી રાજનાથ સિંહ (A)

2. 'નેશનલ વ્હીકલ સ્ક્રેપિંગ પોલિસી' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ પોલિસી અંતર્ગત જૂના વાહનોએ ફરીથી નોંધણી કરતા ફિટનેસ ટેસ્ટ પાસ કરવી પડશે.
2. આ પોલિસી અંતર્ગત 15 વર્ષથી જૂના સરકારી વ્યાપારી વાહનો અને 20 વર્ષથી જૂના ખાનગી વાહનો રદ્દ કરવામાં આવશે.
3. નવા પર્સનલ વ્હીકલ ખરીદવાથી રોડ ટેક્સમાં 25%ની છૂટ આપવામાં આવશે. જ્યારે કોમીર્શિયલ વ્હીકલ ખરીદનારને રોડ ટેક્સમાંથી 15%ની છૂટ આપવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં રામસર સાઈટની યાદીમાં ભારતની કેટલી સાઈટનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) 2 (B) 3 (C) 4 (D) 5 (C)

4. તાજેતરમાં રામસર સાઈટમાં ગુજરાતના વઢવાણાનો સમાવેશ કરવામાં આવ્યો છે તે ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે ?

(A) વડોદરા (B) અમદાવાદ (C) સુરેન્દ્રનગર (D) રાજકોટ (A)

5. તાજેતરમાં સુલતાનપુર અને ભિંડવા નામના સ્થળને રામસર સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) પંજાબ (B) ઉત્તરાખંડ (C) હરિયાણા (D) કેરળ (C)

6. ભારત સરકારે વર્ષ 2018 માટે તેમના કાર્યમાં નવીનતા માટે કેટલા અધિકારીઓને 'પ્રધાનમંત્રી શ્રમ પુરસ્કાર' આપવાની જાહેરાત કરી છે ?

(A) 203 (B) 61 (C) 288 (D) 78 (B)

# ONE LINER

## ગુજરાત

➤ **AMCનું 'મિશન મિલિયન ટ્રી અભિયાન'**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને 'મિશન મિલિયન ટ્રી' અભિયાનની શરૂઆત કરી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારના પાંચ વર્ષના સુશાસનના પાંચ વર્ષ સૌનો સાથ, સૌનો વિકાસ સંદર્ભે આરંભેલા નવ દિવસના સેવાયજ્ઞના ઉપલક્ષમાં વિવિધ કાર્યક્રમો સંદર્ભે અમદાવાદ શહેરમાં 'શહેરી જન સુખાકારી દિવસ'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પગલે અમદાવાદ શહેરના ગોતા વિસ્તાર સ્થિત સ્મૃતિવનમાં મિયાવાકી પદ્ધતિથી એક સાથે 65,000 વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે. આ સ્મૃતિવનમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વૃક્ષારોપણ કરીને પ્રારંભ કરાવ્યો હતો.

## ભારત

➤ **BRO એ આઝાદીના 75 વર્ષ પૂર્ણ થવા પર ઉજવણી શરૂ કરી**

બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO)એ ભારતની આઝાદીના 75 વર્ષ નિમિત્તે 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી શરૂ કરી છે. આ મહત્વપૂર્ણ પ્રસંગની ઉજવણી માટે BRO દેશવ્યાપી કલ્યાણ અને દેશભક્તિની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરશે. આ કાર્યક્રમોમાં 75 મેડિકલ કેમ્પ, 75 સ્થળોએ વૃક્ષારોપણ અભિયાન અને 75 સ્કૂલ સંવાદોનો સમાવેશ થાય છે. જેથી બાળકોને વાતચીત અને પ્રવચનો દ્વારા પ્રોત્સાહિત કરી શકાય. 15 ઓગસ્ટના રોજ ભારતના 75માં સૌથી ઊંચા પાસ પર રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો મુખ્ય કાર્યક્રમ હશે. લોકભાગીદારીની ભાવનામાં આ તહેવાર જાહેર ઉત્સવ તરીકે ઉજવાશે. આ ઈવેન્ટ 15 ઓગસ્ટ, 2023 સુધી ચાલુ રહેશે.

➤ **સુશ્રી સરલા ઠુકરાલ**

તાજેતરમાં ગુગલે વિમાન ઉડાવનાર પ્રથમ ભારતીય મહિલા સુશ્રી સરલા ઠુકરાલની 107મી જન્મ જયંતિ નિમિત્તે એક ડુડલ અર્પણ કર્યુ હતું. સુશ્રી સરલા ઠુકરાલનો જન્મ 8 ઓગસ્ટ, 1914ના રોજ દિલ્હી ખાતે થયો હતો. બાદમાં તે હાલના પાકિસ્તાનના લાહોરમાં રહેવા ગયા હતા. તેઓ એક ભારતીય પાયલોટ, ડિઝાઈનર અને ઉદ્યોગસાહસિક હતા. તેમણે 21 વર્ષની ઉંમરે પરંપરાગત સાડી પહેરીને પોતાની ઉઠાન ભરીને. ઈતિહાસ રચયો હતો. તેમણે 'લાહોર ફ્લાઈંગ ક્લબ' પાસેથી તાલીમ મેળવી હતી. આ તાલીમ દરમિયાન તેમને 1000 ઉડ્ડયન કલાકો પૂરો કરવાનો ભેદ હાંસલ કર્યો હતો, જેનાથી તેણીને 'A' વર્ગનું લાઈસન્સ મળ્યું હતું. આ રીતે 'A' વર્ગનું લાયસન્સ મેળવનાર દેશના પ્રથમ મહિલા બન્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ભારતનું પ્રથમ ઈન્ટરનેટ ગવર્નન્સ ફોરમ (IIGF)નું આયોજન કરવામાં આવશે**

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના મંત્રાલયના જણાવ્યા અનુસાર ભારતનું પ્રથમ ઈન્ટરનેટ ગવર્નન્સ ફોરમ (IIGF) 20 ઓક્ટોબર, 2021થી ત્રણ દિવસ માટે યોજાશે. 'ઈન્ટરનેટ ગવર્નન્સ ફોરમ'ની શરૂઆતની જાહેરાત નેશનલ ઈન્ટરનેટ એક્સેન્જ ઓફ ઈન્ડિયા (NIXI) અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના CEO અને સંકલન સમિતિ દ્વારા કરવામાં આવી હતી. ભારતનું પ્રથમ ઈન્ટરનેટ ગવર્નન્સ ફોરમ (IIGF)નું આયોજન 'Inclusive Internet for Digital India' થીમ હેઠળ કરવામાં આવશે. IIGF એટલે 'ઈન્ડિયા પોલિસી ડિસ્કશન ફોરમ' છે.

➤ **લદ્દાખનો સૌથી ઊંચો રસ્તો**

કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય હેઠળ કાર્યરત 'બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO)એ બોલિવિયાના અગાઉના રેકોર્ડને તોડીને ભારતમાં સૌથી ઉંચો મોટર રોડ બનાવ્યો છે. 19,300 ફૂટની ઊંચાઈ પરનો આ માર્ગ પૂર્વી લદ્દાખના ઉમલિંગલા પાસમાંથી પસાર થાય છે. લગભગ 52 કિમી લાંબો આ રસ્તો પૂર્વી લદ્દાખના 'ચુમુર સેક્ટર'ના ઘણા મહત્વના શહેરને જોડે છે. આ સંદર્ભમાં બહાર પાડવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર આ રસ્તાની ઊંચાઈ માઉન્ટ એવરેસ્ટના બેઝ કેમ્પ કરતા વધારે છે. નોંધનીય છે કે માઉન્ટ એવરેસ્ટનો બેઝ કેમ્પ 17,598ની ઊંચાઈ પર સ્થિત છે.

➤ **મહારાષ્ટ્રએ ઈન્ફર્મેશન ટેકનોલોજી (IT)માં શ્રેષ્ઠતા માટે રાજીવગાંધી એવોર્ડની જાહેરાત કરી**

તાજેતરમાં મહારાષ્ટ્ર સરકારે રાજીવગાંધી એવોર્ડ ફોર એક્સેલન્સ ઈન ઈન્ફર્મેશન ટેકનોલોજી (IT) નામનો નવો એવોર્ડ બનાવવાની જાહેરાત કરી છે. આ નવા પુરસ્કારની રચનાની જાહેરાત કેન્દ્ર સરકારે રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કારનું નામ બદલીને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડના થોડા દિવસ બાદ કરી હતી. મહારાષ્ટ્રના માહિતી અને ટેકનોલોજી રાજ્ય મંત્રી શ્રી સતેજ પાટીલના જણાવ્યા અનુસાર ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવગાંધીની જન્મ જયંતિ નિમિત્તે ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે સંસ્થાઓ અને કંપનીઓને આ એવોર્ડ આપવામાં આવશે.

➤ **વર્ષ 2021માં વિશ્વના ટોચના 50 શ્રેષ્ઠ એપોર્ટમાં દિલ્હી એરપોર્ટ**

સ્કાયટ્રેક્સ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ રેન્કિંગ 2021 તાજેતરમાં પ્રકાશિત થયું હતું. જેમાં 'ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ, દિલ્હી' વિશ્વના ટોચના 50 શ્રેષ્ઠ એરપોર્ટમાં સામેલ થયું છે. દિલ્હી એરપોર્ટ સતત ત્રીજા વર્ષે ભારતના શ્રેષ્ઠ એરપોર્ટ તરીકે ઉભરી આવ્યું છે. મુંબઈ, હૈદરાબાદ અને બેંગ્લોરને પણ વિશ્વના 100 શ્રેષ્ઠ એરપોર્ટમાં સ્થાન આપવામાં આવ્યું છે. સ્કાયટ્રેક્સ 2021 વર્લ્ડ એરપોર્ટની પુરસ્કાર યાદી મુજબ દિલ્હી 45માં ક્રમે છે. ત્યારબાદ હૈદરાબાદ 64મા ક્રમે છે. આ રેન્કિંગમાં પ્રથમ ક્રમાંકે 'દોહા હમાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ઈન્દોર ભારતનું પ્રથમ 'વોટર પ્લસ' શહેર બન્યું**

ભારતનું સૌથી સ્વચ્છ શહેર ઈન્દોર હવે સ્વચ્છ સર્વેક્ષણ 2021 હેઠળ ભારતનું પ્રથમ વોટર પ્લસ સિટી તરીકે જાહેર થયું છે. સ્વચ્છતા પ્રત્યે તેના નિર્ધાર અને સમપર્ણ માટે ઈન્દોર સમગ્ર દેશ માટે એક ઉદાહરણ બની ગયું છે. ઈન્દોર શહેરને 11 ઓગસ્ટ, 2021ના રોજ કેન્દ્ર સરકાર તરફથી આ પ્રમાણપત્ર મળ્યુ હતું. આ પ્રમાણપત્ર નદીઓ અને પ્રવાહોમાં સ્વચ્છતા જાળવવા માટે આપવામાં આવે છે. આ પ્રમાણપત્ર મેળવવા માટે માપદંડો સેટ કરવામાં આવ્યા છે. જેમાં (1) ગંદા પાણી કોઈપણ નદી કે ગટરમાં ન હોવા જોઈએ. (2) આ ઉપરાંત, શહેરના 30% ગટરના પાણીને રિસાયકલ કરીને ફરીથી ઉપયોગમાં લેવાની જરૂર છે તથા (3) જાહેર શૌચાલયો ગટર લાઈન સાથે જોડાયેલા હોવા જાઈએ અને સાફ કરવા જોઈએનો સમાવેશ થાય છે.

➤ **ચંદ્રયાન-2ના ઓર્બિટરએ ચંદ્ર પર પાણીના અણુઓની શોધ કરી**

ઈસરોના ચંદ્રયાન-2ના ઓર્બિટરએ ચંદ્રની સપાટી પર પાણીના અણુઓ શોધી કાઢયા છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ ચંદ્ર પર 29 ડિગ્રી N અને 62 ડિગ્રી N વચ્ચે વ્યાપક ચંદ્ર હાઈડ્રેશન અને OH તથા $H_2O$ શોધી કાઢવામાં આવ્યા છે. આ તારણો ઈસરોના ભૂતપૂર્વ ચેરમેન શ્રી એ. એમ. કિરણ કુમાર દ્વારા લખાયેલ કરનટ સાયન્સ જનરલમાં પ્રકાશિત થયું હતું. વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ હાઈડ્રોકિસલન અથવા પાણીઓના અણુઓની રચના સ્પેસ વેધરિંગ નામની પ્રક્રિયાના કારણે થાય છે.

## વિશ્વ

➤ **ચીને તિબેટના લ્હાસા એરપોર્ટ પર નવું ટર્મિનલ ખોલ્યું**

ચીને તિબેટના લ્હાસા એરપોર્ટ પર તેનું નવનિર્મિત ટર્મિનલ શરૂ કર્યુ છે. આ નવું ટર્મિનલ તિબેટનું સૌથી મોટું ટર્મિનલ છે જે વ્યૂહાત્મક હિમાલયના ક્ષેત્રમાં પરિવહન માળખાને વિસ્તૃત કરવા માટે ખોલવામાં આવ્યું છે. તે તિબેટને દક્ષિણ એશિયા માટે વૈશ્વિક લોજિસ્ટિકસ હબ તરીકે ઉભરાવવામાં મદદ કરશે. તથા નવું ટર્મિનલ પેસેન્જર અને કાર્ગો ટ્રાન્સપોર્ટને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. નવા ટર્મિનલના ઉદઘાટન સાથે લ્હાસા એરપોર્ટ 9 મિલિયન મુસાફરોની વાર્ષિક સંચાલન ક્ષમતા પૂરી કરે તેવી અપેક્ષા છે. લ્હાસા એ લ્હાસા શહેરનું પ્રીફેકચર–સ્તરનું શહેરી કેન્દ્ર છે. તે તિબેટની વહીવટી રાજધાની છે.

➤ **મારબર્ગ વાયરસ**

તાજેતરમાં પશ્ચિમ આફ્રિકાના ગિનીમાં અત્યંત ચેપી અને જીવલેણ 'મારબર્ગ વાયરસ'ના પ્રથમ કેસની પૃષ્ઠિ થઈ છે. ગિનીને ઈબોલા મુક્ત જાહેર કરાયાના માત્ર બે મહિના બાદ પ્રથમ વખત તેના પ્રથમ કેસની ઓળખ કરવામાં આવી છે. મારબર્ગ વાયરસના કેસ અને ઈબોલા વાયરસના કેસ ગિનીના ગુકેડોઉ જિલ્લામાં મળી આવ્યા છે. મારબર્ગ વાયરસ રોગ એક અત્યંત વાયરલ રોગ છે જે હેમોરહેજિક અથવા રક્તસ્ત્રાવી તાવનું કારણ બને છે. આ રોગ ચામાચીડિયા દ્વારા ફેલાય છે તથા તેનો મૃત્યુ દર 88%થી વધુ છે. આ વાયરસ પણ ઈબોલા વાયરસ પરિવાર સાથે જ સંબંધિત છે. વર્ષ 1967માં વાયરસના સૌથી વધુ કેસ દક્ષિણ અને પૂર્વ આફ્રિકામાં જોવા મળ્યા હતા.

➤ **પાકિસ્તાને ગઝનવી મિસાઈલનું પરીક્ષણ કર્યું**

પાકિસ્તાને 12 ઓગસ્ટ, 2021ના રોજ પરમાણુ સક્ષમ સપાટીથી સપાટી સુધીની બેલેસ્ટિક મિસાઈલ ગઝનવીનું સફળ પરીક્ષણ કર્યું છે. આ પ્રક્ષેપણનો ઉદ્દેશ આર્મી સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ (ASFC)ની ઓપરેશનલ તત્પરતા સુનિશ્ચિત કરવાનો હતો. તે 290 કિમીની રેન્જ સુધી હથિયારો પહોંચાડવામાં સક્ષમ છે. આ મિસાઈલનું દિવસ અને રાત બંને મોડમાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગઝનવી ટૂંકા અંતરની સપાટીથી સપાટી સુધીની બેલેસ્ટિક મિસાઈલ છે. આ મિસાઈલનું પહેલું સંસ્કરણ વર્ષ 2004માં પાકિસ્તાન આર્મીના સ્ટ્રેટેજિક કમાન્ડ સાથે સેવામાં સામેલ કરવામાં આવ્યું હતું.

## ICE ? Questions

➤ BRO (બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન)એ ભારતની આઝાદીના કેટલા વર્ષ પૂર્ણ થવા પર ઉજવણી શરૂ કરી છે ? – 75 વર્ષ

➤ તાજેતરમાં કોણે 'મિશન મિલિયન ટ્રી' અભિયાનની શરૂઆત કરી છે ? – અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

➤ તાજેતરમાં ગુગલે વિમાન ઉડાવનાર પ્રથમ ભારતીય મહિલા....ની 107મી જન્મ જયંતિ પર એક ડુડલ અર્પણ કર્યુ હતું ? – સુશ્રી સરલા ઠુકરાલ

➤ ભારતનું પ્રથમ ઈન્ટરનેટ ગવર્નન્સ ફોરમ ક્યારે યોજવામાં આવશે ? – 20 ઓક્ટોબરથી ત્રણ દિવસ માટે

➤ લ્હાસા એરપોર્ટ કયા દેશમાં સ્થિત છે ? – તિબેટ

➤ તાજેતરમાં કયા દેશે તિબેટના લ્હાસા એરપોર્ટ પર નવું ટર્મિનલ ખોલ્યું છે ? – ચીન

➤ BROએ તાજેતરમાં ભારતના કયા સ્થળે સૌથી ઊંચો રસ્તો બનાવ્યો છે ? – લદ્દાખ

➤ તાજેતરમાં પશ્ચિમ આફ્રિકાના.............માં અત્યંત ચેપી અને જીવલેણ 'મારબર્ગ વાયરસ'ની પૃષ્ટિ થઈ છે ? – ગિની

➤ તાજેતરમાં કઈ રાજ્ય સરકાર દ્વારા IT ક્ષેત્રે શ્રેષ્ઠતા માટે રાજીવગાંધી એવોર્ડ આપવાની જાહેરાત કરી છે ? – મહારાષ્ટ્ર

➤ વર્ષ 2021માં વિશ્વના ટોચના 50 શ્રેષ્ઠ એરપોર્ટમાં ભારતના કયા એરપોર્ટનો સમાવેશ થયો છે ? – દિલ્હી

➤ કયું શહેર ભારતનું પ્રથમ 'વોટર પ્લસ' શહેર બન્યું છે ? – ઈન્દોર

➤ કયા મિશનના ઓર્બિટરએ ચંદ્ર પર પાણીના અણુઓની શોધ કરી છે ? – ચંદ્રયાન-2

➤ કયા દેશે તાજેતરમાં 'ગઝનવી મિસાઈલ'નું સફળ પરીક્ષણ કર્યુ છે ? – પાકિસ્તાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Question Of this Week

1. તાજેતરમાં 2,968 મીટરનો 'માઉન્ટ મેરાપી' જ્વાળામુખીમાં વિસ્ફોટ થયો હતો. તે કયા દેશમાં સ્થિત છે ? – ઈન્ડોનેશિયા
2. 'કેન્દ્રીય યુનિવર્સિટી (સુધારા) બિલ, 2021' મુજબ કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં સિંધુ સેન્ટ્રલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે ? – લદ્દાખ
3. તાજેતરમાં ચર્ચામાં રહેલ ગોગરા પ્રદેશ કયા રાજ્ય કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્થિત છે ? – લદ્દાખ
   (ભારત અને ચીને પૂર્વી લદ્દાખમાં સિથત ગોગરા વિસ્તારમાં પોતાની સેના પાછી ખેંચી લીધી છે. ભારત અને ચીનના કોર્પ્સ વચ્ચે 12મી રાઉન્ડની વાતચીત બાદ આ પગલું લેવામાં આવ્યું છે. મે 2020થી બંને સેનાઓ આ વિસ્તારમાં સામસામે હતી.)
4. કયા બે દેશોની નૌકાદળોએ 'ઝાયદ તલવાર 2021' કવાયત હાથ ધરી છે ? – ભારત અને યુ.એ.ઈ.
5. ટોકયો ઓલિમ્પિક 2020માં મેડલ ટેલીમાં કયો દેશ ટોચ પર છે ? – અમેરિકા
6. તાજેતરમાં મદ્રાસ વિધાન પરિષદના કેટલા વર્ષ પૂર્ણ થયા છે ? – 100
   (તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રીએ તમિલનાડુ વિધાનસભાના 100માં વર્ષની ઉજવણીને સંબોધિત કરી હતી, જે અગાઉ 'મદ્રાસ લેજિસ્લેટિવ કાઉન્સિલ (MLC) તરીકે ઓળખાતી હતી. મદ્રાસ વિધાન પરિષદની સ્થાપના વર્ષ 1921માં ભારત સરકાર અધિનિયમ, 1919 હેઠળ કરવામાં આવી હતી.)
7. કમોડર શ્રી કાસરાગોડ પટના શેટ્ટી ગોપાલ રાવનું તાજેતરમાં નિધન થયું છે. કયા વર્ષે તેમને મહાવીર ચક્ર એનાયત કરવામાં આવ્યો હતો ? – 1971
8. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કયા વર્ષને આંતરરાષ્ટ્રીય શાંતિ અને વિશ્વાસના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે ? – 2021
   (યુનાઈટેડ નેશન્સે 2021ને બાળ મજૂરી નાબૂદી માટેનું આંતરરાષ્ટ્રીય વર્ષ, શાંતિ અને વિશ્વાસનું આંતરરાષ્ટ્રીય વર્ષ તથા ફળો અને શાકભાજીનું આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે.)
9. ટ્રિબ્યુનલ સુધારા વિધેયક, 2021 હેઠળ કેટલા અપીલ ટ્રિબ્યુનલ નાબૂદ કરવામાં આવ્યા છે ? – 9
10. તાજેતરમાં કઈ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ સરકાર 'ફેસલેસ ટ્રાન્સપોર્ટ સર્વિસ' શરૂ કરશે ? – દિલ્હી
11. ચીને કયા વર્ષ સુધીમાં કાર્બન તટસ્થ બનવાનું લક્ષ્ય નક્કી કર્યુ છે ? – 2060
12. ..........ને આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે ? – NMHC
   (નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષ (NMHC)ને આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે. તેને ગુજરાતના લોથલ ખાતે ભારતના દરિયાઈ વારસાને સમર્પિત કરવામાં આવશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. ભારતીય સેનાની કેટલા સભ્યોની ટૂકડી રશિયામાં 'આંતરરાષ્ટ્રીય લશ્કરી રમતો–2021'માં ભાગ લઈ રહી છે ?

– 101

(આંતરરાષ્ટ્રીય લશ્કરી રમતો રશિયાના સંરક્ષણ મંત્રાલય દ્વારા આયોજિત વાર્ષિક લશ્કરી ઈવેન્ટ છે. આ ઈવેન્ટ વર્ષ 2015માં શરૂ કરવામાં આવી હતી. આ રમતોને 'વોર ઓલિમ્પિકસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.)

14. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'ચોલ રાજવંશ'ના એક મહાન સમ્રાટ 'રાજેન્દ્ર ચોલા 1'ની જન્મ જયંતિ આગામી વર્ષથી એક સરકારી કાર્યક્રમ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે ? – તમિલનાડુ

15. કયો ઉદ્યાન સેટેલાઈટ ફોનનો ઉપયોગ કરનારો દેશનો પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન બની ગયો છે ?

– કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન

16. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વ–સહાય જૂથો માટે કેટલા કરોડ રૂપિયાની જાહેરાત કરી છે ?

– 1625 કરોડ

(વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 12 ઓગસ્ટ, 2021ના રોજ 'આત્મનિર્ભર નારીશક્તિ સે સંવાદ' કાર્યક્રમ અંતર્ગત સમગ્ર દેશમાં મહિલા સ્વ–સહાય જૂથો (SHGs)ની સભ્યો સાથે વાત કરી હતી અને 1625 કરોડ રૂપિયાનું મૂડીકરણ સહાય ભંડોળ બહાર પાડવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.)

17. કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરે શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)ના સભ્યો દેશોના કૃષિ મંત્રીઓની કેટલામી બેઠકને સંબોધી હતી ? – છઠ્ઠી બેઠક

18. જેવેલિન થ્રોઅર શ્રી નીરજ ચોપરા ટોકયો ઓલિમ્પિક 2020માં ગોલ્ડ મેડલ જીત્યા બાદ વિશ્વ એથ્લેટિક્સ રેન્કિંગમાં............ક્રમે પહોંચી ગયા છે ? – બીજા

19. ભારતની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેકનોલોજીએ આફ્રિકન–એશિયન–ઓસ્ટ્રેલિયન મોનસૂન એનાલિસિસ અને આગાહી માટે સંશોધન મુરાઈ એરે વિકસાવવા માટે કઈ સંસ્થા સાથે કરાર કર્યો છે ?

– National Oceanic and Atmospheric Administration

20. નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયે કઈ સંસ્થા સાથે ઉર્જા બાયોમેથેનેશન પ્રોજેક્ટ્સને નાણાકીય સહાય પૂરી પાડવા માટે લોન વ્યાજ સબવેશન યોજના શરૂ કરી છે ? – સંયુક્ત રાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ સંગઠન

21. તાજેતરમાં RBI દ્વારા કઈ બેંકને 1 કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે ? – સહકારી રાબોબેંક UA

(RBIએ 12 ઓગસ્ટ, 2021ના રોજ સહકારી રોબોબેંક UA પર નિયમનકારી પાલનની ખામીઓ માટે 1 કરોડ રૂપિયાનો દંડ લગાવ્યો છે.)

22. તાજેતરમાં કોણે 'કલીનસિટી એપ' લોન્ચ કરી છે ? – NMDC

(ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (NMDC)એ 13 ઓગસ્ટ, 2021ના રોજ 'કલનીસિટી એપ' લોન્ચ કરી છે.)

23. ભારતના ભૂતપૂર્વ અંડર-19 વર્લ્ડ કપ વિજેતા સુકાની શ્રી ઉન્મુક્ત ચંદે તાજેતરમાં નિવૃત્તિ લીધી છે. તેમણે કયા વર્ષે ભારતને અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ જીતાડયો હતો ? – 2021

INSTITUTE FOR COMPETITIVE EXAMS

24. તાજેતરમાં કિન્નોર જિલ્લાના નિગોસારી અને ચૌરા વચ્ચે પ્રચંડ ભૂસ્ખલન થયું હતું, તે કયા રાજ્યમાં સ્થિત છે ? – હિમાચલ પ્રદેશ

25. તાજેતરમાં કયા દેશના દરિયાકિનારે 'લ્યુ પિટ' વાવાઝોડુ ત્રાટક્યું હતું ? – જાપાન


26. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલ પ્રથમ સ્ટેટ ઈન્વેસ્ટર સમિટમાં કરેલી જાહેરાત અનુસાર ગુજરાતના કયા સ્થળે સ્ક્રેપ યાર્ડ બનાવવામાં આવશે ? – અલંગ અને કચ્છ

27. 10 ઓગસ્ટ, 2021ના રોજ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગીરીને તેમની જન્મ જયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી. તેઓ ભારતના કેટલામાં રાષ્ટ્રપતિ હતા ? – ચોથા

28. તાજેતરમાં દિલ્હીની પ્રથમ 'એનિમલ DNA લેબોરેટરી' કયા સ્થળે સ્થાપવામાં આવી છે ? – રોહિણી

29. રાષ્ટ્રીય મહિલા આયોગના વર્તમાન અધ્યક્ષ સુશ્રી રેખા શર્માને તાજેતરમાં તેના કાર્યકાળમાં કેટલા વર્ષનું વિસ્તરણ આપવામાં આવ્યું છે ? – ત્રણ વર્ષ

30. ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ અંગે સંયુક્ત રાષ્ટ્રએ જાહેર કરેલો ઈન્ટર ગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેન્ટ ચેન્જ (IPCC)ના રિપોર્ટ મુજબ વિશ્વના તાપમાનમાં કયા વર્ષ સુધીમાં 1.5 ડિગ્રીનો વધારો થશે ? – 2040



સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT